## લાઠી, સાવરકુંડલા, રાજુલા, જાફરાબાદ અને ખાંભા પંથકમાં વરસાદ

# અમરેલી જિલ્લાનાં અનેક વિસ્તારોમાં ''મેઘા'' નું હેત યથાવત

**જિલ્લાનાં મુખ્ય મથક અમરેલીમાં પણ વાદળછાયા વાતાવરણ વચ્ચે બપોરે જોરદાર ઝાંપટુ પડી ગયું**

**જિલ્લાનાં દરિયાકાંઠા વિસ્તારમાં આવેલ જાફરાબાદ, રાજુલા પંથકમાં ઠેકઠેકાણે પાણી ભરાયા**

**શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં અનરાધાર વરસાદથી નદીઓમાં નવા નીરની આવક**

**સાવરકુંડલા શહેરમાં સમી સાંજે પૂનઃ વરસાદ પડતા માર્ગો થયા પાણી પાણી**
















અમરેલી, તા. ૪

એક દિવસના વિરામ બાદ અમરેલી જિલ્લામાં ફરી મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. હવામાન વિભાગની આગાહી મુજબ જિલ્લાના રાજુલા, ખાંભા, સાવરકુંડલા, લાઠી, લીલીયા સહિતના તાલુકાઓમાં બપોર બાદ વાતાવરણમાં પલટો આવ્યો હતો અને અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. વરસાદને પગલે ખેતરો પાણીથી તરબોળ બન્યા હતા, જયારે ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

રાજુલા શહેરમાં સાડા ચાર ઈંચ વરસાદ તેમજ છતડીયા, હિંડોરણા, કડીયાળી સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસતા રસ્તાઓ પર વરસાદી પાણી વહેતા થયા હતા. રાજુલા પંથકમાં સૌથી વધુ વરસાદ નોંધાયો હતો.

સાવરકુંડલા તાલુકાના ઠવી, વીરડી નાલ સહિતના ગામોમાં પણ વરસાદી માહોલ જામ્યો હતો. લાઠી શહેરમાં સતત ચોથા દિવસે ધોધમાર વરસાદ વરસતા અનેક રહેણાંક વિસ્તારોમાં રસ્તાઓ નદી સમાન બની ગયા હતા. વરસાદી પાણીમાં નાના બાળકો આનંદ માણતા નજરે પડયા હતા, જયારે ભારે બફારા બાદ વરસાદથી લોકોને ગરમીમાંથી રાહત મળી હતી.

ખાંભા ગીર તાલુકાના મોટા બારમણ, નાના બારમણ, ભૂંડણી, ત્રાકુડા, ડેડાણ અને રાયડી સહિતના ગામોમાં ગાજવીજ સાથે ભારે વરસાદ વરસ્યો હતો. વરસાદને કારણે ખેતરોમાં પાણી ભરાઈ ગયા હતા અને ખેડૂતોમાં ખુશીની લાગણી પ્રસરી હતી.

રાજુલા–જાફરાબાદ કોસ્ટલ બેલ્ટમાં પણ સારો વરસાદ નોંધાયો હતો. રાજુલા તાલુકાના નેસડી ગામમાં વરસાદી પાણીના યોગ્ય નિકાલના અભાવે પાણી ભરાવાની ગંભીર સમસ્યા સર્જાઈ હતી. સ્થાનિકોએ સોશિયલ મીડિયાના માધ્યમથી તંત્ર સમક્ષ રજૂઆત કરી વહેલી તકે નિકાલની માંગ કરી છે. ઉપરાંત રાજુલાના મોરંગી ગામ અને જાફરાબાદના જીકાદરી ગામની સ્થાનિક નદીઓમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી.

સાવરકુંડલાના પીપરડી અને વિજપડી ગામોમાં પણ સારો વરસાદ નોંધાયો હતો. જિલ્લાના વિવિધ વિસ્તારોમાં વરસાદી પાણી રસ્તાઓ પર ફરી વળતા કેટલાક સ્થળોએ વાહન વ્યવહારને પણ અસર પહોંચી હતી.

જિલ્લામાં નોંધાયેલા વરસાદના આંકડા મુજબ રાજુલામાં અંદાજે ૪.૫ ઈંચ, ખાંભામાં ૩ ઈંચ, જયારે લાઠી અને લીલીયામાં ૧–૧ ઈંચ વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગની આગાહી વચ્ચે જિલ્લામાં આગામી દિવસોમાં પણ વરસાદી માહોલ યથાવત રહેવાની શકયતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

અમરેલી ફલેડ કંટ્રોલ રૂમ ખાતે રાત્રે આઠ વાગ્યા સુધીમાં લાઠીમાં ૨૧ મી.મી., લીલીયા ૨૨ મી.મી., અમરેલી ૫ મી.મી., ધારી ૪ મી.મી., સાવરકુંડલા ૧૩ મી.મી., ખાંભા ૭૯ મી.મી., જાફરાબાદ ૪૧ મી.મી., અને રાજુલા ૧૧૧ મી.મી., વરસાદ નોંધાયો છે.

## પુત્રનાં માથે લગ્નનો સેહરો બંધાય તે પહેલા ઘટના બની

# ઉના : પતિએ માથામાં પથ્થરનો ઘા મારીને પત્નીને મોતને ઘાટ ઉતારી

**ઘણા સમયથી ચાલતી માથાકૂટનો કરૂણ અંજામ**



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૪

ઉના શહેરના માણેક ચોક વિસ્તારમાં બનેલી પત્નીની હત્યાની ઘટનાએ સમગ્ર પંથકને સ્તબ્ધ કરી દીધું છે. ઘરેલુ ઝઘડાના અંતે પતિએ પત્નીના માથામાં પથ્થર મારી મોતને ઘાટ ઉતાર્યાનો આરોપ સામે આવ્યો છે. ઘટનાના પગલે ઉના પોલીસ સ્ટેશનમાં આરોપી પતિ સામે હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો છે. હાલ આરોપીની ધરપકડ કરવામાં આવી છે અને પોલીસ દ્વારા આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

મૃતક સમીનબેનના પુત્ર વાહીદભાઈ ખલીલભાઈ કાદીયાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ નોકરીના કામે બહાર હતા ત્યારે બહેનનો ફોન આવ્યો કે માતાને ગંભીર ઈજા પહોંચી છે. તેઓ તાત્કાલિક હોસ્પિટલ પહોંચ્યા હતા, જયાં ફરજ પરના તબીબે સમીનબેનને મૃત જાહેર કર્યા હતા. પરિવારના જણાવ્યા અનુસાર ઘટનાના સમયે પતિ–પત્ની વચ્ચે ઘરમાં બોલાચાલી થઈ હતી. ત્યારબાદ આરોપીએ સમીનબેનના માથાના ભાગે ભારે પથ્થર વડે જીવલેણ હુમલો કર્યો અને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

ફરિયાદમાં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે આરોપી છેલ્લા ઘણા સમયથી પત્નીને માનસિક અને શારીરિક રીતે હેરાન કરતો હતો. નાની–નાની બાબતોમાં ઝઘડા થતા હતા અને અગાઉ પણ મારપીટના બનાવો બન્યા હતા. જોકે પરિવારજનોએ આને ઘરનો મામલો માની પોલીસ ફરિયાદ નોંધાવી નહોતી. પરંતુ આ વખતે ઝઘડો એટલો ઉગ્ર બન્યો કે તેનો અંત સમીનબેનના કરૂણ મોતમાં આવ્યો.

આ ઘટનાએ પરિવારની તમામ ખુશીઓ પળવારમાં શોકમાં ફેરવી દીધી છે. ફરિયાદી પુત્ર વાહીદભાઈના લગ્ન હવે થોડા જ મહિનામાં યોજાવાના હતા અને ઘરમાં લગ્નની તૈયારીઓ શરૂ થઈ ગઈ હતી. પરંતુ જે માતા પુત્રના લગ્નમાં આશીર્વાદ આપવા અને આનંદના પ્રસંગની રાહ જોઈ રહી હતી તે હવે આ દુનિયામાં નથી. બીજી તરફ માતાની હત્યાના આરોપસર પિતાની ધરપકડ થતાં સમગ્ર પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડયો છે. એક જ ઘટનામાં પુત્રએ માતાની છત્રછાયા ગુમાવી છે, જયારે પિતા પોલીસ કસ્ટડીમાં હોવાથી પરિવારની ખુશીઓ શોકમાં ફેરવાઈ ગઈ છે.

આ સમગ્ર ઘટનાના આધારે ઉના પોલીસે આરોપી ખલીલભાઈ દાઉદભાઈ કાદીયાત સામે ભારતીય ન્યાય સંહિતા કલમ ૧૦૩(૧) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અમરેલી : માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજનું ગૌરવ





અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ, અમરેલીમાં અભ્યાસ કરતી ૩ (ત્રણ) એન.સી.સી. કેડેટસે તા. ૨૨/૬/૨૦૨૬થી તા. ૧/૭/૨૦૨૬ દરમ્યાન જામકંડોરણા ખાતે યોજાયેલ પ્રિ આર.ડી.સી. કેમ્પમાં ઉતસાહભેર ભાગ લીધો હતો. આ કેમ્પમાં કુલ ૧૨૦ એન.સી.સી. કેડેટસમાંથી માતુશ્રી મોંઘીબા મહિલા આટર્સ કોલેજની બે કેડેટસ કુ. મુછડીયા યશવંતી અને કુ. ભેડા લક્ષીતા આર.ડી.સી. કેમ્પ માટે પસંદગી પામેલ છે. આ બંને કેડેટ્સ આગામી તા. ૬/૭/૨૬ના રોજ અમદાવાદ લો ગાર્ડન ખાતે યોજાનાર આર.ડી.સી. કેમ્પમાં ભાગ લેવા જનાર છે.

કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. વિલાસબેન સોરઠીયા તથા એ.એન.ઓ. લેફટનન્ટ પ્રા. મનિષાબેન સાગઠીયાની સતત પ્રેરણા અને યોગ્ય માર્ગદર્શનથી આ સિધ્ધિ પ્રાપ્ત થઈ હતી.

બંને એન.સી.સી. કેડેટસની આ વિશેષ સિધ્ધિ બદલ કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ તથા સમગ્ર સ્ટાફ પરિવાર અને અમરેલી જિલ્લા વિદ્યાસભાના હોદેદારો અને ટ્રસ્ટીગણે આ બંન્નેને હાર્દિક અભિનંદન સાથે આગામી કેમ્પમાં શ્રેષ્ઠ સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી છે.

# સાવરકુંડલા તાલુકા સંકલન સમિતિની બેઠક યોજાઈ



સાવરકુંડલા, તા. ૪

સાવરકુંડલા ખાતે તાલુકા સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને તાલુકાના વિકાસ સાથે જોડાયેલા વિવિધ મહત્વપૂર્ણ મુદ્દાઓની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં તાલુકામાં ચાલી રહેલા વિકાસકાર્યોની પ્રગતિ, સરકારી યોજનાઓના અસરકારક અમલીકરણ તેમજ લોકો સુધી યોજનાઓનો લાભ વધુમાં વધુ પહોંચે તે માટે જરૂરી સૂચનો અને ચર્ચા કરવામાં આવી હતી.બેઠક દરમિયાન વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ અને પદાધિકારીઓએ પોતાના વિભાગ હેઠળ ચાલી રહેલા વિકાસકાર્યોની માહિતી રજૂ કરી હતી. માર્ગ–મકાન, પીવાનું પાણી, સ્વચ્છતા, આરોગ્ય, શિક્ષણ, ગ્રામ વિકાસ, કૃષિ અને અન્ય જનસુવિધાઓ સંબંધિત મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત તાલુકાના વિવિધ વિસ્તારોમાંથી મળતી જનફરિયાદો અને જનહિતના પ્રશ્નોના સમયબદ્ધ અને અસરકારક નિરાકરણ માટે અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

બેઠકમાં ખાસ ભાર એ બાબત પર મૂકવામાં આવ્યો હતો કે રાજય અને કેન્દ્ર સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ પાત્ર લાભાર્થીઓ સુધી ઝડપથી અને પારદર્શક રીતે પહોંચે. દરેક વિભાગ વચ્ચે સંકલન વધારી કામગીરીને વધુ અસરકારક બનાવવાની જરૂરિયાત પણ વ્યક્ત કરવામાં આવી હતી.આ બેઠકમાં તાલુકાના ધારાસભ્ય, તાલુકા વિકાસ અધિકારી, નગરપાલિકાના અધિકારીઓ, વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત આગેવાનો અને અધિકારીઓએ તાલુકાના સર્વાંગી વિકાસ માટે પરસ્પર સંકલન સાથે કાર્ય કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. બેઠકના અંતે વિકાસલક્ષી કાર્યોને વધુ ગતિ આપવા, પ્રજાલક્ષી પ્રશ્નોનું સમયસર નિરાકરણ લાવવા અને લોકોની સુવિધાઓમાં વધારો કરવા માટે તમામ વિભાગોને જવાબદારીપૂર્વક કામગીરી કરવાની સૂચના આપવામાં આવી હતી. તાલુકાના સર્વાંગી વિકાસ માટે આવી સંકલન બેઠકો મહત્વપૂર્ણ સાબિત થતી હોવાનું પણ બેઠકમાં જણાવાયું હતું.

## બપોરે અસહ્ય બફારા બાદ માત્ર રસ્તા ભીના થયા

# સાવરકુંડલામાં મેઘરાજાનો ''ડોળ'' : ભારે વરસાદની આગાહી વચ્ચે માત્ર રીમઝીમ ઝાપટું

**રેઈનકોટ પહેરીને નીકળેલા વાહનચાલકો છેતરાયા**



સાવરકુંડલા, તા. ૪

સાંપ્રત યુગના લક્ષણો મુજબ આજે મેઘરાજા પણ જાણે દંભ, દેકારા અને પડકારા વચ્ચે માત્ર "ડોળ" કરીને રહી ગયા હોય તેવો માહોલ સાવરકુંડલા શહેરમાં જોવા મળ્યો હતો. હવામાન વિભાગની ભારે વરસાદની આગાહી વચ્ચે આજે સ્થાનિક લોકો આતુરતાથી મેહુલિયાની રાહ જોઈ રહ્યા હતા, પરંતુ મેઘરાજાએ અપેક્ષા મુજબની મહેરબાની ન દાખવતા માત્ર હાજરી પુરાવીને સંતોષ માન્યો હતો.

શહેરમાં આજરોજ સવારથી જ આકાશમાં કાળાડિબંગ વાદળોની ફોજ જમા થઈ હતી, જેને જોઈને લાગતું હતું કે ગમે ત્યારે સાંબેલાધારે વરસાદ તૂટી પડશે. બપોર બાદ વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો અને બફારાનું પ્રમાણ ખૂબ જ વધી ગયું હતું. અસહ્ય ઉકળાટ અને બફારાને કારણે નાગરિકો તોબા પોકારી ઉઠયા હતા અને એવું લાગતું હતું કે આ બફારો ભારે વરસાદ લાવશે.

આગાહીને પગલે લોકો રેઈનકોટ સાથે નીકળ્યા, પણ પડયા રીમઝીમ છાંટા હવામાનની આગાહી ભારે વરસાદની હોવાના કારણે સવારથી જ જાગૃત નાગરિકો મુશ્કેલીથી બચવા માટે પોતાની સાથે રેઈનકોટ લઈને જ ઘરની બહાર નીકળ્યા હતા. વાતાવરણ પલટાતાં જ લોકોએ સાવચેતીના ભાગરૂપે પોતાના સ્કૂટર કે મોટરસાયકલ થોભાવી રેઈનકોટ પહેરી લીધા હતા. જોકે, મેઘરાજાએ મોટો આંચકો આપ્યો હોય તેમ માત્ર થોડા સમય માટે ધીમી ધારે રીમઝીમ રીમઝીમ વરસાદ જ વરસાવ્યો હતો. આ સામાન્ય વરસાદમાં માત્ર રસ્તાઓ જ ભીના થયા હતા, જેના કારણે રેઈનકોટ પહેરીને સવારી કરતા વાહનચાલકો ભારે વરસાદ વિના જ રેઈનકોટમાં અટવાયા હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા.

આ રીમઝીમ વરસાદના ઠંડા પાણીથી બચવા માટે રસ્તા પર ફરતા અબોલ પશુઓ પણ કોઈ છત કે દુકાનોના છાપરા નીચે શરણ લેતા નજરે પડયા હતા. બીજી તરફ, આ આહલાદક વાતાવરણમાં નાના બાળકો પોતાની નાની–નાની રંગબેરંગી છત્રીઓ લઈને શેરીઓમાં નીકળી પડયા હતા અને વરસાદી માહોલની મજા માણતા જોવા મળ્યા હતા.

આમ, લાંબા સમયના દેકારા અને અસહ્ય બફારા બાદ સાવરકુંડલાવાસીઓને જે ધોધમાર વરસાદની અપેક્ષા હતી, તેના બદલે માત્ર વાતાવરણમાં ઠંડક પ્રસરાવીને મેઘરાજા અંતર્ધ્યાન થઈ ગયા હતા. જો કે અત્યારે સાંજે સાત વાગ્યાના સુમારે ફરી પાછો ધીમી ધારે મોટે છાંટે મેઘરાજાએ વરસવાનું શરૂ કર્યુ છે વાતાવરણ જોતા હવે મેઘો જોરદાર મંડાશે.

## કોંગ્રેસ પ્રમુખ નીતિન ત્રિવેદીએ ડીઆરએમને પત્ર પાઠવ્યો

# મહુવા–લીલીયા રેલ્વે લાઈન ઉપર હરિદ્વાર, અયોધ્યા, અમદાવાદની ટ્રેન શરૂ કરવા માંગ

**વંદે ભારત ટ્રેનને પણ મહુવા સુધી લંબાવવા માંગ**

લીલીયા, તા. ૪

લીલીયા તાલુકા કોંગ્રેસ પ્રમુખ નીતિન ત્રિવેદીએ સ્થાનિક રેલ્વે અધિકારી મારફત ડીઆરએમને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, મહુવા–લીલીયા રૂટ ઉપર હરિદ્વાર તેમજ અયોધ્યની ટ્રેન સેવા શરૂ કરવા માંગ કરેલ છે.

વધુમાં જણાવેલ છે કે, વેરાવળ–વારાણસી ટ્રેનમાં ઢસાથી મહુવાટ્રેનમાંર કોચ જોડવા અને લીલીયા સ્ટેશન ખાતે વારાણસી, અયોધ્યા વિગેરે



ટ્રેનનો બુકિંગ કવોટા ફાળવો અને મહુવા–અમદાવાદ વચ્ચે નિયમિત ટ્રેન સેવા શરૂ કરવી અને વંદે ભારત ટ્રેનને મહુવા સુધી લંબાવવા માંગ કરે છે.

## રાજયનાં ઉર્જામંત્રી કૌશિક વેકરિયાએ ''ડીએમએફ''ની ગ્રાન્ટ મંજૂર કરાવતા

# ભૈ વાહ : અમરેલીમાં રૂા. ૫૫૫ લાખનાં ખર્ચે કરાશે વિકાસ કાર્યો

### ભકિતનગર વોટર વર્કસ ખાતે રૂપિયા ૧૯૦ લાખનાં ખર્ચે ૧૫ લાખ લીટરની ક્ષમતા ધરાવતી ઊંચી ટાંકી બનાવાશે

### અંબિકાનગર વોટર વર્કસ ખાતે પણ ૧૫ લાખની ક્ષમતાની ટાંકીનું નિર્માણ કરાશે

### શહેરનાં તમામ ૧૧ વોર્ડમાં રૂપિયા ૧૭૫ લાખનાં ખર્ચે સ્માર્ટ લાઈટ લગાવી દેવાશે

### શહેરનાં પ્રથમ નાગરિક ગણાતા પાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયાએ શહેરીજનો વતી રાજયમંત્રીનો આભાર વ્યકત કર્યો

અમરેલી, તા. ૪

અમરેલી શહેરનાં સર્વાંગી વિકાસને નવી ઊંચાઈઓ પર લઈ જવા અને નગરજનોની સુખાકારી તેમજ પાયાની પ્રાથમિક સુવિધાઓમાં અભૂતપૂર્વ વધારો કરવાના મકકમ સંકલ્પ સાથે ડિસ્ટ્રીકટ મિનરલ ફાઉન્ડેશન (ડીએમએફ) યોજના હેઠળ કરોડો રૂપિયાનાં અત્યંત મહત્વકાંક્ષી પ્રકલ્પોને પ્રાથમિક મંજૂરી મળી ચૂકી છે. અમરેલીનાં દરેક નાગરિકના હિત માટે ઉર્જા મંત્રી કૌશિક વેકરિયાના અવિરત ભગીરથ પ્રાયસો, મજબૂત રજૂઆતો અને અથાગ પરિશ્રમના પરિણામે જ અમરેલી શહેરના વિકાસ માટે કુલ રકમ રૂા. ૫૫૫ લાખના આ અદ્યતન કાર્યોને પ્રાથમિક મંજૂરી અપાવવામાં ઐતિહાસિક સફળતા સાંપડી છે. આ યોજના અંતર્ગત અમરેલી નગરપાલિકા હસ્તકના ભકિતનગર વોટર વર્કસ ખાતે અંદાજિત રૂા. ૧૯૦ લાખનાં ખર્ચે ૧૫ લાખ લીટરની વિશાળ સંગ્રહ ક્ષમતા ધરાવતી આરસીસી ઊંચી ટાંકી બનાવવાનું કામ તેમજ અંબિકાનગર વોટર વર્કસ ખાતે પણ અંદાજિત રૂા. ૧૯૦ લાખના ખર્ચે એક ૧૫ લાખ લીટર ક્ષમતાની ઊંચી ટાંકી બનાવવાનું કામ મંજૂર કરવામાં આવ્યું છે. ભકિતનગર અને અંબિકાનગર ખાતે આકાર પામનારી આ કુલ ૩૦ લાખ લીટરની ક્ષમતાવાળી નવી ટાંકીઓના પરિણામે શહેરના આ બંને ઝોનમાં





છેવાડાના ઘર સુધી પુરતા ફોર્સથી શુધ્ધ પીવાનું પાણી અવિરતપણે પહોંચાડી શકાશે, જેનાથી આ વિસ્તારની વર્ષો જૂની પીવાના પાણીની સમસ્યાનો કાયમી અને સંતોષકારક ઉકેલ આવશે.

વધુમાં પાણીની આ સુવિધા ઉપરાંત શહેરના તમામ વોર્ડ નંબર ૧ થી ૧૧નાં વિવિધ આંતરિક રહેણાંક વિસ્તારો, સોસાયટીઓ તેમજ મુખ્ય રાજમાર્ગો ઉપર અંદાજિત રૂા. ૧૭૫ લાખના ખર્ચે આધુનિક અને ઉર્જા કાર્યક્ષમ એનર્જી સેવર સ્માર્ટ લાઈટો નાખવાના કામને પણ પ્રાથમિક મંજૂરી મળી ગઈ છે. આ સ્માર્ટ સ્ટ્રીટ લાઈટ પ્રોજેકટના અમલીકરણથી રાત્રિના સમયે સમગ્ર અમરેલી શહેર દૂધિયા અજવાળે ઝળહળી ઉઠશે, જેનાથી માત્ર શહેરનું સૌંદર્ય જ નહીં વધે પરંતુ, વડીલો–મહિલાઓની સુરક્ષા મજબૂત બનશે અને માર્ગ અકસ્માતો પર પણ લગામ કસાશે. સાથોસાથ નગરપાલિકાના વીજળી બિલમાં પણ લાખો રૂપિયાની વ્યાપક આર્થિક બચત થશે જે નાણાં ભવિષ્યમાં અન્ય લોકહિતના કામોમાં વાપરી શકાશે. લોકઉપયોગી અને દીર્ઘદ્રષ્ટિપૂર્ણ એવા આ ત્રણેય મહાકાય પ્રકલ્પોથી અમરેલી શહેરના નગરજનોના જીવનસ્તરમાં અનેરો સુધારો થશે.

આ તકે અમરેલી નગરપાલિકા તેમજ સમગ્ર અમરેલીની જનતા જનાર્દન વતી આ કરોડો રૂપિયાના લોક કલ્યાણના કામોને પ્રાથમિક મંજૂરી અપાવી અમરેલીને વિકાસની અણનમ ભેટ આપવા બદલ મંત્રી કૌશિક વેકરિયાનો હૃદયપૂર્વક ગદગદિત ભાવે આભાર પ્રગટ કરવામાં આવે છે. આ તમામ કામોની આગળની વહીવટી અને ટેકનિકલ પ્રક્રિયાઓ ખૂબ જ ઝડપથી પૂર્ણ કરી આગામી દિવસોમાં યુધ્ધના ધોરણે ઓન ગ્રાઉન્ડ કામગીરી શરૂ કરી દેવામાં આવશે. તેમ એક યાદીમાં પાલિકા પ્રમુખ વી.એસ. માંગરોળીયાએ જણાવેલ છે.

### સાવરકુંડલાનાં લીખાળા ગામની ઘટના

## ખેડૂતની આત્મહત્યાનાં બનાવનાં કેસમાં મુખ્ય આરોપીની અટકાયત

### પુછપરછ બાદ અનેક વિગતો બહાર આવે તેવી સંભાવના

અમરેલી, તા. ૪

સાવરકુંડલા તાલુકાના લીખાળા ગામમાં ચર્ચાસ્પદ બનેલા હનીટ્રેપ અને ખેડૂત આત્મહત્યા કેસમાં પોલીસને મહત્વની સફળતા મળી છે. લાંબા સમયથી ફરાર રહેલો આ કેસનો મુખ્ય આરોપી અને કથિત સૂત્રધાર ભોળા સિંધવને પોલીસે ઝડપી લીધો છે. આરોપીની ધરપકડ થતાં સમગ્ર કેસની તપાસમાં હવે વધુ મહત્વની વિગતો બહાર આવવાની શકયતા વ્યકત કરવામાં આવી રહી છે.



ઉલ્લેખનીય છે કે લીખાળા ગામના એક ખેડૂતને હનીટ્રેપમાં ફસાવી તેની પાસેથી સતત માનસિક અને આર્થિક દબાણ કરવામાં આવતું હોવાના આક્ષેપો સામે આવ્યા હતા. આ ઘટનાના કારણે ભારે માનસિક તણાવમાં આવેલા ખેડૂતે અંતે આત્મહત્યા કરી લીધી હતી. ખેડૂતના મોત બાદ સમગ્ર વિસ્તારમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો અને આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી હતી.

ઘટના બાદ પોલીસ દ્વારા વિવિધ ટીમો બનાવી આરોપીઓની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. કેસનો મુખ્ય આરોપી ભોળા સિંધવ લાંબા સમયથી ફરાર હોવાથી તેને પકડવા માટે સતત પ્રયાસો ચાલી રહ્યા હતા. અંતે પોલીસે ચોક્કસ બાતમીના આધારે કાર્યવાહી કરીને તેને ઝડપી લીધો છે.

પોલીસના જણાવ્યા મુજબ આરોપીની પૂછપરછ દરમિયાન હનીટ્રેપના સમગ્ર કાવતરૂં, તેમાં સંડોવાયેલા અન્ય વ્યકિતઓ તથા આર્થિક લેવડ–દેવડ અંગે મહત્વની માહિતી મળવાની શકયતા છે. તપાસના આધારે જો અન્ય કોઈ વ્યકિતની સંડોવણી સામે આવશે તો તેમની સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ કેસે સમગ્ર જિલ્લામાં ભારે ચર્ચા જગાવી હતી. હવે મુખ્ય આરોપીની ધરપકડ થતાં પીડિત પરિવારને ન્યાય મળે તેવી આશા વ્યકત કરવામાં આવી રહી છે. હાલ પોલીસે આરોપીને કોર્ટમાં રજૂ કરી વધુ પૂછપરછ માટે રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે અને સમગ્ર મામલે તપાસ આગળ વધારી છે.

### બંધ મકાનમાં ત્રાટકયા તસ્કરો

## ગીર ગઢડા તાલુકાનાં જુના ઉગલા ગામે રૂા. ૨.૨૧ લાખની ચોરી

### એક વર્ષ પહેલાં વડવિયાળામાં થયો ચોરીનો ભેદ પણ હજુ અકબંધ

ઉના, તા. ૪

ગીર સોમનાથ જિલ્લાના ગીરગઢડા તાલુકામાં ફરી એકવાર તસ્કરોએ પોલીસને પડકાર ફેંકયો છે. તાલુકાના જુના ઉગલા ગામમાં બંધ મકાનને નિશાન બનાવી અજાણ્યા ચોરોએ રોકડ રકમ અને સોના–ચાંદીના દાગીનાં સહિત કુલ અંદાજે રૂા. ૨.૨૧ લાખનો મુદ્દામાલ ચોરી કરી ફરાર થઈ જતા ગ્રામજનોમાં ભય અને રોષનો માહોલ જોવા મળી રહ્યો છે.

ફરિયાદ મુજબ, જુના ઉગલા ગામના બાલુભાઈ ભીમજીભાઈ નાંડોળા પરિવાર સાથે ૧૧ જૂનના રોજ રાજકોટ ગયા હતા. પરિવાર લગભગ ૨૧ દિવસ સુધી બહાર રહ્યો હતો. ૨ જુલાઈની રાત્રે ઘરે પરત ફરતા મુખ્ય દરવાજો અંદરથી અટવાયેલો જણાતા શંકા ઉપજી હતી. બાદમાં બારી મારફતે ઘરમાં પ્રવેશ કરતાં સમગ્ર ઘરનો સામાન વેરવિખેર હાલતમાં જોવા મળ્યો હતો. તપાસ દરમિયાન મકાનના પાછળ ના ભાગે આવેલા નાના દરવાજા ઉપરના નળિયા ઉખેડી અજાણ્યા શખ્સો ઘરમાં પ્રવેશ્યા હોવાનું સામે આવ્યું હતું.

ચોરોએ ઘરમાં રહેલા બે લોખંડના કબાટના તાળા તોડી અંદર રાખેલા રોકડ રૂપિયા, સોનાની વીંટીઓ, બાળકની સોનાની કડલી, કાનની બુટ્ટી,



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

સળ, ચાંદીની સાંકળ, ઝાંઝરી, કમરનો જુડો, બાળકનો કંદોરો તેમજ ચલણી સિક્કા સહિત કુલ રૂા. ૨,૨૧,૧૬૦નો મુદ્દામાલ ચોરી કરી લીધો હતો. બનાવઅંગે ગીરગઢડા પોલીસમાં ફરિયાદ નોંધાતા ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૫(એ), ૩૩૧(૩) અને ૩૩૧(૪) હેઠળ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરવામાં આવી છે.

આ ઘટના વચ્ચે એક વર્ષ પહેલાં ગીરગઢડા તાલુકાના વડવિયાળા ગામમાં થયેલી રૂા. ૧૦ લાખથી વધુની ચોરીની ઘટનાની યાદ પણ તાજી થઈ છે. તે કેસમાં હજુ સુધી આરોપીઓ પોલીસની પકડથી દૂર છે. દરમિયાન ગીરગઢડા પોલીસ સ્ટેશનમાં અનેક પોલીસ ઈન્સ્પેકટરોની બદલી થઈ ચૂકી હોવા છતાં તે ચોરીનો ભેદ ઉકેલાયો નથી.

હવે જુના ઉગલા ગામની નવી ચોરીની ઘટનાએ ગ્રામજનોમાં સુરક્ષાને લઈને ગંભીર ચિંતા ઉભી કરી છે. ગ્રામજનોએ રાત્રિ પેટ્રોલિંગ વધુ અસરકારક બનાવવા, ચોરીના બનાવોનો ઝડપથી ભેદ ઉકેલવા અને તસ્કરો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે. પોલીસ દ્વારા ફોરેન્સિક પુરાવા, સ્થાનિક સૂત્રો અને ટેકનિકલ સર્વેલન્સના આધારે તપાસ આગળ વધારવામાં આવી રહી છે.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

HONDA સ્ટાફ જોઈએ છે
The Power of dreams સપનાઓ થશે સાકાર...
(1) P.D.I. બોય ........................05
(2) મિકેનિક..............................05
(3) હેલ્પર..................................05
રસ ધરાવતા વ્યકિતઓએ રૂબરૂ સંપર્ક કરવો
સંપર્ક સમય : સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦, સાંજે ૫:૦૦ થી ૭:૦૦
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી, Mo.94267 16241 / 63565 65721
રીઝયુમ parikhautomobilesamreli@gmail.com ઉપર મોકલશો

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઇન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઇન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એકસપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA | NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com






મારૂતિ સુઝુકી ઓથોરાઈઝ્ડ ડીલર
Alpha Autolink
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999






જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો–રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪






ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Navnit Hero Mo. +91 92899 22254






નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે,લીલીયા રોડ,અમરેલી.

**પ્રકરણ.૨૯૨ -૧૯૬૬**

**પ્રિય વાચક મિત્રો,**

# ઇત્તના હૈ, તુમ સે પ્યાર મુજે, મેરે રાઝદાર. જીતને કે આસમાન પર ચહેરે પે ગિરિ ઝૂલ્ફે કેહ દો તો હટા દૂ મે, ગુસ્તાખી માફ. ગુસ્તાખી માફ

સફળતા અને નિષ્ફળતા એ પચાવવી ખૂબ અઘરી વાત છે, સફળતામાં અમુક લોકો ઘમડી થઈ જાય છે, અને નાના વ્યકિતને તુચ્છ સમજે છે, અને નિષ્ફળતામાં ઘણા લોકો માનસિક રીતે ટૂટી જાય છે, અને ઘણીવાર પાગલ જેવી સ્થિતિ કે આત્મ હત્યા સુધીનું કારણ પણ નિષ્ફળતામાં બનતું હોય છે. ઘણા ક્ષેત્ર એવા છે કે ત્યાં નિવૃતિ હોતી નથી. જેમ કે નાના મોટા વેપાર, મોટા ઉદ્યોગ પતિ કે અભિનેતા કે કલા સાથે જોડાયેલ કોઈપણ કલાકાર. આ લોકોના જીવનમાં સફળતા અને નિષ્ફળતા આવતી જતી હોય છે, પણ નિષ્ફળતા તેઓ પચાવી શકતા નથી. નાસીપાસ થઈ જતાં જોવા મળે છે, જે વ્યકિત સફળતા અને નિષ્ફળતામાં તટસ્થ રહે તેને સ્થિત પ્રગ્ન મનુષ્ય કેહવાય છે. આજે ફિલ્મની વાત પહેલા એક એવા બંગલાની વાત કરીશું, જે બંગલા એ ત્રણ કલાકારને સુપરસ્ટાર બનાવ્યા અને નિષ્ફળ પણ બનાવ્યા.

ભારત ભૂસનએ ૧૯૪૧ના સમયથી હિન્દી સિનેમા સાથે જોડાયેલા હતા. ૧૯૫૦માં તેઓએ થોડી સફળતા મેળવ્યા બાદ એક એંગલો ઈંડિયન પાસેથી કારટર રોડ પર સંગીત કાર નેશાદના ઘર પાસે એક બંગલો ખરીદ કર્યો. તે બંગલો ભૂત બંગલાથી ઓળખાતો હતો, પણ ભારતે ૧૯૫૦માં તે ખરીદ કર્યો, અને નામ આપ્યું બાનોવિલા. અને બાનોવિલામાં આવ્યા બાદ તેઓની સફળતાના દ્વાર ખૂલી ગયા. બેજુ બાવરા, આનંદ મઠ, શબાબ, મિર્ઝા ગાલિબ ફાગુન જેવી સફળ ફિલ્મોએ તે સમયના દેવ, દિલિપ અને રાજના એક ચક્રી શાસનમાં પણ એક સફળ કલાકાર બનાવી આપ્યા, તેઓએ તેમની કામ કરવાની કિંમત પણ વધારી દીધી. ૧૯૫૭માં ભારતના ભાઈ રમેશે તેને ફિલ્મોનું નિર્માણ કરવા કહ્યું, અને ભારતે ભાઈ રમેશના




કહેવા મુજબ ફિલ્મોનું નિર્માણ શરૂ કર્યું, બરસાત કી રાત, સુપર હિટ રહી, પણ ત્યારબાદ ભારત અને રમેશની ફિલ્મો સતત નિષ્ફળ રહી, એક સમયના સફળ કલાકાર જેની પાસે બાનોવિલા બંગલા ઉપરાંત જે સંપતિ હતી તે વેચવી પડી, અને ભાડાના મકાનમાં રેહવા જવું પડયું.

તે બંગલો ૧૯૪૯થી હિન્દી સિનેમામાં આવેલ રાજેન્દ્ર કુમારને ૧૯૫૭માં મધર ઈન્ડિયા અને ત્યારબાદ ગુંજ ઉઠી શહેનાઈ, ધુલ કા ફૂલ જેવી ફિલ્મોથી નામના મળી, તેઓએ ભારતનો બાનોવિલા બંગલો ૧૯૬૦માં ૬૦ હજારમાં ખરીદ કર્યો. અને તેની પુત્રી ડિંપલના નામ પરથી બંગલાનું નામ ડિંપલ રાખ્યું, અને ચમત્કાર થયો, ૧૯૬૦ બાદ રાજેન્દ્રની ફિલ્મો, કાનૂન, સસુરાલ, દિલ એક મંદિર, મેરે મહબૂબ અને સંગમ જેવી સુપર હિટ ફિલ્મોએ રાજેન્દ્રને હિન્દી સિનેમાના પ્રથમ સિલ્વર જુબેલી સ્ટાર બનાવી આપ્યા. ૧૯૬૬માં તેમની સુપર હિટ ફિલ્મ સુરજ બ્લોક બસ્ટર સાબિત થઈ, પણ ૧૯૬૭થી તેમની ફિલ્મો નિષ્ફળ થવા લાગી. ઘરમાં પણ પત્ની સાથે મતભેદ થવા લાગ્યા, અને ભારત ભૂસન જેવી દશા ના થાય તેમ સમજી રાજેન્દ્રએ હિન્દી સિનેમામાં નવા આવેલ કલાકાર રાજેશ ખન્નાને ૧૯૬૯માં આ બંગલો ૩.૫૦ લાખમાં વેચી આપ્યો. રાજેશ ખન્નાએ બંગલામાં પુજા વિધિ કરી અને બંગલાનું નામ આશીર્વાદ કર્યું. હવે વાત એ છે કે તે બંગલો સાચે જે ભૂત બંગલો હતો ? કે પરીવર્તન એ સંસારનો નિયમ છે તે વાત પહેલા બે સુપર સ્ટાર સમજી ના શકયા. ભારત ભૂસને તેના અંતિમ દિવસોમાં કહ્યું કે, મોત સબ કો આતી હૈ, લેકિન જીના સબ કો નહીં આતા, મુજે ભી જીના નહીં આયા. આ શબ્દો ઘણું કહી જાય છે. રાજેશ ખન્નાએ આ બંગલા દ્વારા સફળતા અને નિષ્ફળતા બન્ને સ્વીકારી, તેઓએ માનસિક, સામાજિક પરેશાની પણ ભોગવી પણ તેઓ સ્થિત પ્રગ્ન રહ્યા, અને અંતિમ દિવસ સુધી આ બંગલામાં જ રહ્યા. ભારત અને રાજેન્દ્રએ પરીવર્તન સ્વીકારી ના શકયા, દર દસ વર્ષે સમાજમાં પરીવર્તન આવે છે, દસ વર્ષના બાળકો યુવાન થઈ જાય છે ભારત [illegible] ને બે પેઢી [illegible]

## ફિલ્મી સફર
(એક ઈતિહાસ)

હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬

કર્યા, પણ સમય સાથે નવા કલાકારોની સાપેક્ષમાં તેઓ નબળા પડયા તે સ્વીકાર્ય હોવું જોઈએ. ભારતે આર્થિક કારણોસર અને રાજેન્દ્રએ ડરના લીધે બંગલો વેચી આપેલ હતો. ૨૦૧૨માં અક્ષય કુમારે તે બંગલો વેચી નાખ્યો અને ત્યાં એક હાઈ રાઈજ બિલ્ડીંગ છે. રાજેશ ખન્ના અને બંગલાની વાત તેમની ફિલ્મો સાથે કરીશું. આજે રાજેન્દ્ર કુમારની સિલ્વર જુબેલી સ્ટારની અંતિમ સુપર હિટ, બ્લોક બસ્ટર ફિલ્મની વાત કરીશું. આ ફિલ્મ બાદ રાજેન્દ્રને પાચ વર્ષ સફળતા માટે રાહ જોવી પડશે. અને તે ફિલ્મ માત્ર હિટ રહેશે. બ્લોક બસ્ટર નહીં. આમ રાજેન્દ્ર કુમારની અંતિમ સુપર હિટ ફિલ્મ સુરજની વાત કરીયે.

સુરજનું નિર્માણ, ટી. ગોવિંદ રાજન અને એસ કૃષ્ણ મુર્તિએ કર્યું, નિર્દેશક ટી. પ્રકાશ રાવ રહ્યા, કહાની જવાર સિતા રમનની અને સંવાદ અબરાર અલ્વિ ના રહ્યા, ગીત હસરત જઈપૂરી અને શૈલેન્દ્રના અને સંગીત શંકર જયકિશનનું રહ્યું. ફિલ્મમાં રાજેન્દ્ર કુમાર, વૈજયંતી માલા, મુમતાઝ, ડેવિડ, ગજાનન જાગીરદાર, નિરંજન શર્મા, આગા, મુકરી, જહોની વોકર, બેબી નીતુ, [illegible], લલિતા પવાર, અને અજિત [illegible] રાપ્યો. [illegible] ટૂંકમાં જોઈએ તો, રાજા વિક્રમ સિંગ (ડેવિડ) તેના સાથી સંગ્રામ સિંગ (નિરજન શર્મા)ને રાજા બનાવે છે, અને તેના પુત્ર સાથે તેની પુત્રીના બાલ વિવાહ નક્કી કરે છે, તે આ પ્રસંગે એક કીમતી હાર સંગ્રામ સિંહને આપે છે, તે હાર એક દિવસ એક દાસી ચોરી લે છે, અને તેનો આરોપ સંગ્રામ સિંહ તેના વફાદાર રામ સિંગ પર નાખે છે, તેને સજા આપે છે, અને દેશ નિકાલ કરે છે, રામ સિંગ બદલાની આગમાં સંગ્રામ સિંગના બાળકને ઉપાડી લાવે છે, અને થોડા સમય બાદ પુરાવા સાથે તેના બાળકને સંગ્રામ સિંગ પાસે રામ સિંગ મૃત્યુ પામ્યો છે, તેવા સમાચાર સાથે મોકલે છે, પુરાવા મળતા સંગ્રામ સિંગતે બાળકને પોતાનું બાળક સમજી લે છે. રામ સિંગ સંગ્રામ સિંગના બાળકને યુવાન બનાવી રાજયનો ચોર સુરજ (રાજેન્દ્ર કુમાર) બનાવે છે. રામ સિંગનો પુત્ર સંગ્રામ સિંગ પાસે યુવાન થઈ રાજકુમાર પ્રતાપ (અજિત) એક આવારા અને પ્રજા પરત્રાસ આપનાર વ્યકિત બને છે. સંગ્રામ સિંગ પ્રતાપથી નારાજ છે. સમય સાથે રાજા વિક્રમ સિંગ તેની યુવા પુત્રી રાજકુમારી અનુરાધા (વૈજયંતી




માલા)ને તેની દાસી કલાવતી (મુમતાઝ) સાથે સંગ્રામ સિંગના રાજમાં મોકલે છે, જેથી અનુરાધા અને પ્રતાપનું મિલન થઈ શકે. અનુરાધાને રસ્તામાં જ પ્રતાપના ગુંડા આ બળજબરીથી ઉપાડી જવા તૈયાર થાય છે, પણ સુરજ તેને બચાવી લે છે. હવે અનુરાધા રાજયની સાચી વિગત જાણવા પોતાને દાસી અને કલાવતીને રાજકુમારી બનાવી સંગ્રામ સિંગ પાસે પહોચે છે. રામ સિંગને રાજકુમારી આવ્યાની ખબર પડતાં તે કીમતી હાર સંગ્રામ સિંગ પાસેથી ચોરી લાવવા સુરજને મોકલે છે, સુરજ પિતાની આજ્ઞા સમજી તે હાર ચોરી રામ સિંગને આપે છે, બીજી તરફ અનુરાધાને ખબર પડી જાય છે કે પ્રતાપ નીચ માણસ છે અને ચોર સુરજ એક સારો વ્યકિત છે, સુરજ અને અનુરાધા વચ્ચે પ્રેમ સંબંધ બંધાય છે. એક દિવસ પ્રતાપ વાસનાના આવેશમાં અનુરાધાને કેદ કરે છે, પણ સુરજ ત્યાં પહોચી અનુરાધાને તેના ઘર લઈ જાય છે. રામ સિંગ એક દાસી સાથે સુરજને જોઈ ખુશ થાય છે, કારણ તેના પુત્રના લગ્ન રાજ કુમારી સાથે કર્યા બાદ તે સંગ્રામ સિંગ સામે સત્ય જાહેર કરવા માંગે છે. એક દિવસ વિક્રમ સિંગ ત્યાં આવી જાય છે, તેને ખબર પડે છે કે તેની પુત્રીને સુરજ ઉપાડી ગયેલ છે, તે વાત પ્રતાપને ખબર પડી જાય છે, તે સુરજને પકડી લાવે છે, સુરજની બહેન તેના પિતા રામ સિંગ પાસે રહેલ હાર પ્રતાપને આપવા જાય છે, અને સુરજને છોડી મૂકવા કહે છે, વાસનામાં અંધ પ્રતાપ તેની સગી બહેનની આબરૂ લેવા જાય છે, પણ તેની બહેન આત્મ હત્યા કરી લે છે, રામ સિંગ ત્યાં પહોચે છે, પ્રતાપ તેને પિતા રૂપે સ્વીકારતો નથી. અને કેદ કરે છે, અંતે રામ સિંગ સંગ્રામ સિંગ અને વિક્રમ સિંગને સત્ય કહે છે કે સુરજ જ રાજ કુમાર છે, અંતે સુરજ પ્રતાપની હત્યા કરે છે, અને પરિવાર એક થાય છે. અહી અભિનેતા અજિત ઘણા સમય બાદ હિન્દી સિનેમાના પરદે ખલ નાયક રૂપે છવાઈ ગયા છે. ફિલ્મમાં આવી કહાની, ફાઈટના એવા દિલધડક દ્રશ્યો, આજસુધી હિન્દી સિનેમામાં ઓછા જોવા મળ્યા હતા અને દર્શકોએ આ ફિલ્મને સુપરહિટ બનાવી. ફિલ્મ વર્ષની બીજા નંબરની હિટ ફિલ્મ રહી ફિલ્મનો નફો ૨.૫૦ કરોડનો અને દુનિયાભરમાં ૫ કરોડનો થયો.

ફિલ્મના ગીત અને સંગીત પણ સફળતામાં ભાગીદાર બન્યા. રફી સાહેબે બહારો ફૂલ બરસાવો ગીતનું રેકોર્ડિંગ પૂર્ણ કર્યા બાદ હસરત અને શંકર જયકિશનને કહ્યું કે આ ગીત વર્ષો સુધી લોકો યાદ કરશે, ત્યારે તે લોકો એ કહ્યું કે રફી સાહેબના સ્વર વગર બધુ અધૂરૂં છે, રફી સાહેબના શબ્દો સાચા પડયા અને આજે પણ સગાઈ અને લગ્ન પ્રસંગે આ ગીત લોકમુખે છે. આ ગીત માટે હસરત, શંકર જયકિશન અને રફી સાહેબને ફિલ્મફેર એવાર્ડ મળ્યા હતા. ફિલ્મમાં લતાજીનું એક પણ ગીત નથી. એવું કેહવાય છે કે શારદા બાબત શંકર અને લતાજી વચ્ચે મનદુખ થયું, શારદાને શંકર વચ્ચે પ્રણયની અફવા પણ તે સમયે પ્રચલિત હતી. શારદા વિષે આપણે લખી ચૂકયા છીએ, પણ શારદાએ રાજ કપૂરની શોધ હતી અને તેઓએ શંકર જયકિશન સાથે સંપર્ક કરાવી આપ્યો, શંકર જઈ કિશને શારદાને ગુમનામ અને સુરજ માટે સ્વર બધ્ધ કર્યા, તેનું પ્રથમ ગીત, તિતલી ઊડે, હતું, પણ ગુમનામ પ્રથમ પ્રદર્શિત થઈ હતી. શારદાએ ભારતના પ્રથમ પોપ મહિલા સિંગર બન્યા, તેમનું આલ્બમ હિજ માસ્ટર ૧૯૭૧માં આવ્યું હતું, તેઓ ૨૦૦૭માં ગઝલ આલ્બમ અંદાઝે બયા પણ રજૂ કર્યું હતું. ફિલ્મના ગીતોમાં સુમનજી અને રફી સાહેબના સ્વરમાં ઈતના હૈ તુમ સે પ્યાર અને આશાજી સાથે કેસે સમ જાઉ બડી ના સમજ હો, અને એક બાર આતા હૈ દિન ગીત યાદગાર છે, રફી સાહેબના સ્વરમાં ચહેરેપે ઊડી ઝૂલ્ફે અને શારદાના સ્વરમાં દેખો મેરા દિલ મચલ ગયા આજે પણ યાદગાર ગીતોની યાદીમાં છે. આગામી અંકમાં વર્ષની પ્રથમ નંબરની ધર્મેન્દ્રની સુપર હિટ ફિલ્મ સાથે મળીશું. આભાર.હિતેશ જોશી. ૫-૭-૨૬

# ॥ માણસ મૃત્યુ પામે છે. કરેલ સત્કર્મો જીવે છે ॥

## સુખી અને સાર્થક જીવનનું રહસ્ય



ડો. ધીરજકુમાર વ્યાસ
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા

ગાંધીજીએ બાલ્યવયમાં 'સત્યવાદી હરિશ્ચંદ્ર' નાટક જાયું અને તેમને થયું કે હુ પણ કેમ સત્યવાદી ન બનું ? જીવનમાં કેટલીક ઘટનાઓ જીવનાની દિશા બદલે છે. ગાંધીજીના જીવનમાં આવી ઘણી ઘટનાઓ બની.

આપણે હવે કહ્લે ટોલ્સ્ટોય મહાત્મા કેમ બન્યા ? તેમના જીવનમાં કેમ પ્રરિવર્તન આવ્યું ? તે દષ્ટિએ અહીં એક રહસ્યની મારી દષ્ટિએ વાત કરૂં છું ૧ ટોલ્સ્ટોય ઉપલબ્ધ ઈસુખ્રિસ્તની અસર હતી. બાઈબલ તેમનો શ્રધેય ગ્રંથ હતો પરિસ્થિતિને વશ તેઓ લશ્કારમાં જોડાયા પરંતુ દિલમાં સત્ય અને કરૂણા હતી સેવાસ્ટોલનાં યુધ્ધનાં તેઓ સાક્ષી હતા. રશિયન યુધ્ધ જહાજો સામે બ્રિટન, ફ્રાન્સ તથા તુર્કીના સૈનિકોથી ભરેલા જહાજો સામે માત્ર ૧૦૦ શૈનિકોને શહીદ થવા મોકલ્યા ટોલ્સ્ટોયે પોતાની નજર સામે ગોળીઓથી ઘવાતા તરફડતા સૈનિકોને મરતા જોયા મનમાં યુધ્ધ પ્રત્યે નફરત થઈ શા માટે યુધ્ધ લડાઈમાં જતા સૈનિકો મરી જાય તો તેમના ઘરવાળાને કેવું થાય ? શહિદો વિશે કવિતા લખુંતો ? તે સાહિત્ય કહેવાય ? ટોલ્સ્ટોયને યુધ્ધમાં લાભની વાત ગમી નહિ. ચિત્તમાં ગડમથલ ચાલી પરિણામે "વોર એન્ડ પીસ" નવલકથા લખી અખબારમાં આ નવલકથાનાં હપ્તા પ્રગટ થતા હતા. રશિયાના માટે આ પ્રકરણો વાચ્યા ટોલ્સ્ટોય વિશે વિગતો મંગાવી અને આદેશ કર્યો કે આ માણસને રક્ષણ મળ એવી જગ્યાએ ગોઠવો. (૨) બીજી ઘટનામાં એક લશ્કરી ઓફિસરનો તોછોડો અહંકારી સ્વભાવનો પરિચય થયો તે ઓફિસરે એક સિપાઈને સામાન્ય બાબતે ખરાબ શબ્દો કહ્યા. માર માર્યો. સિપાઈને ગુસ્સો આવ્યો અને તેમણે સામે આફિસરને માર માર્યો. તે સિપાઈ ઉપર કોર્ટ મારફત થયો ફાંસીની સજા થઈ. આ સજા વખતે ટોલ્સ્ટોયે કોર્ટમાં કહ્યું. હું આ સિપાઈ વિશે કે એણેખ આચરેલી અશિસ્ત વિશે કશુ કહેવા માગતો નથી પણ આપ નામદારના ધ્યાન ઉપર એક એવી અસ્થિતની વાત મૂકવા માંગુ છું કે, જેણે માનવીય શિસ્તનું ઉલ્લંઘન કર્યુ હોય એના માટે આપણી શું કાયદા છે ? ઓફિસરે આચરેલા અન્યાય,, અનિતી અને અધર્મને અટકાવી શકે ? ન્યાયાધીશે ટોલ્સ્ટોય બેસારી દીધા જવાબ ન આપી શકયા. ટોલ્સ્ટોય અધિકારીનો વાંક જાણતા હોવા છતાં કોર્ટ આગળ કંઈ ન કરી શકયા તે અપરાધ ભાવ અનુભવતા હતા. તેથી તે રાજીનામુ આપી અખબારોમાં લેખો લખવાનું ચાલુ કર્યુ. ત્રીજી ઘટના થોડો વખત પેરીસમાં રહ્યા ત્યાં એક ગુનેગારને ગિલોટીનની સજા થઈ તે જોવા ગયા. આ સજાની પ્રધ્ધતિ જોઈ મૂળ નિરાશ થયાં. ટોલ્સ્ટોયનાં પૂર્વજો આશરે પંદરમી સદીમાં જર્મનીમાં રહેતા હતા, ત્યાં તેઓ રશિયા વસવાર કરવા આવ્યા હતા. એવો ઈતિહાસ સાંભળ્યો હતો એમના પૂર્વજો સાર સાથે સંબંધ ધરાવતા હતા હેમ્બર્ગની હોટલમાં રહી આસપાસનો સુંદર પ્રદેશ જોયો. ત્યાં એક હોટેલમાં રાજકુમારી આર્સેન્યાનો પરીચય થયો આ યુવતીના સોંદર્યથી અંજાઈ ગયો. તેમની સાથે નૃત્ય કર્યુ. અને કહી પણ દીધું : રાજકુમારી, તમે મને બહુ ગમો છો. રાજકુમરી એ કહ્યું : લેખક મહાશય, તમારો ખુબ આભાર, હું એમ તો બધાને ગમુ છું. તમારો એકનો વધારો થયો આ સાંભળી ટોલ્સ્ટોય ઝાંખા પડી ગયા. તેમને ભાન થયું કે આર્સેન્યા જે કહે છે. તેમાં ખોટુ શું છે ? પોતે પણ કેવા છે ? આમ ટાલ્સરોયના જીવનને ચોટ લાગી કે આઘાત લાગ્યો જો કે ટોલ્સ્ટોયના જીવનમાં બીજા ઘણા બનાવો બન્યા છે ટૂંકમાં મારી દષ્ટિએ જીવન નૌકાની બદલવાનાં આ ખાસ મહત્વનાં કારણો હોઈ શકે. દરેકના જીવનમાં પરિવર્તન થવાનાં ઘણા કારણો હોય છે આપણ ઈતિહાસમાં આવા સેંકડો દાખલાઓ છે. પૂર્વ જીવન ગુનેગાર જેવું હોય અને પછી સાધુ સંત બની જાય છે. કલિંગના યુધ્ધ પછી તરફડતા સૈનિકો, વિધવા સ્ત્રીઓનું રૂદન જોઈ અશોકે શસ્ત્ર ત્યાગ કરી અહિંસાનો માર્ગ લીધો. સામાન્ય ઘટના કે ઠોકર પછી સમજદારી આવી જાય તે સુખદ ઘટના છે. સો ગુના માફ થાય જો ખરા હદયથી પ્રાયશ્ચિત કર્યો ભૂલો થવી સ્વાભાવિક છે. પણ તેમાંથી શોખીને સામસામે વળવું સાર્થક જીવનનું રહસ્ય છે. આ માટે મર્ગદર્શન, મિત્રો, વાંચન, ગુરૂ જરૂરી છે. ગુફાવાસી માનવી આજે ભૌતિક સુખમાં ખૂબ આગળ વધ્યો છે પણ હજી રાક્ષસી સ્વભાવ સુધર્યો નથી. પૃથ્વી ઉપર સ્વર્ગ લાવવા શસ્ત્રોના કારખાના બંધ થવા જોઈએ. શસ્ત્રો પાછળનો ખર્ચને બદલે, દવા, નહી શોધ દ્વારા માનવજીવનન સરળ, તંદુરસ્ત બને તેમ થવું જોઈએ તેને બદલે આજે આપણે લડાઈના શસ્ત્રો બનાવીએ છીએ દવામાં ભેળસેળ, લોહીમાં ભેળ સેળ, શાકભાજી, ફળો, અનાજ બધું જ પ્રદુષીત ઈરાન, અમેરિકા, યુક્રેન-રશિયાની લડાઈથી હવા પ્રદુષિત થઈ રહી છે. વિશ્વના લોકોને આ લડાઈ અટકાવવી જોઈએ હવા તો આખા વિશ્વની છે. હવા ઝેરી બનશે તો નિર્દોષ લોકો પણ નહિ જીવી શકે યુધ્ધ બંધ કરો નો અવાજ સૌએ ઉઠાવવો જોઈએ. વિશ્વશાંતિ માટે ડાહ્યા માણસો એક મંચ ઉપર ભેગા થાય એ પહેલાં સૌનું કલ્યાણ થાય અને એનું કલ્યાણ થાય તેવો અવાજ ઉઠાવવો પડે. મોડું થાય એ પહેલાં સૌ સંપીને યુધ્ધ બંધ કરાવે આપણો ધર્મ કહે છે. સૌનું કલ્યાણ થાય. એ જ જીવનની સાર્થકતા છે.

# "Strength is life, weakness is death": મુશ્કેલીઓ સામે હથિયાર હેઠા મૂકવાને બદલે, અંદરના સિંહને જગાડો !

## સૂત્રધાર




ડો. અમિતકુમાર રસિકલાલ મહેતા
મો. ૯૮૪૪૮ ૯૦૦૫૯ અમરેલી

આપણે એક એવા જમાનામાં જીવી રહ્યા છીએ જયાં માણસ બહારથી ગમે તેટલો વટ બતાવે, પણ અંદરથી સાવ નબળો અને પોચો પડતો જાય છે. હાથમાં મોંઘા મોબાઈલ, ગાડીઓ અને બેંકમાં પાકા રોકાણો (SIP) કરીને આપણે આપણી આર્થિક સુરક્ષા તો બહુ પાકી કરી લીધી છે, પણ કયારેય નિરાંતે બેસીને વિચાર્યુ છે ખરૂ કે આપણું આત્મબળ કેટલું મજબૂત છે ? આજે ઓફિસમાં સહેજ ટેન્શન વધે, ટાર્ગેટ પૂરા ન થાય કે ધંધામાં થોડી ખોટ જાય, એટલે માણસ તરત જ હિંમત હારી જાય છે અને મૂંઝાઈને બેસી પડે છે. આવા સમયે, આ બીક અને કાયરતાને મૂળમાંથી ઉખાડી ફેંકવા માટે આ જ અઠવાડિયે જેમની પુણ્યતિથિ ગઈ તેવા યુગપુરૂષ સ્વામી વિવેકાનંદનું એ સિંહનાદ જેવું સૂત્ર યાદ રાખવા જેવુંછે: 'Strength is life, weakness is deat" (શક્તિએ જ જીવન છે અને કમજોરી એ જ મૃત્યુ છે).

સ્વામીજી કહેતા કે સાચો મરદ એ નથી જે માત્ર શરીરથી મજબૂત હોય, પણ એ છે જે મનથી એટલો લોખંડી હોય કે ગમે તેવી આકરી પરિસ્થિતિ આવે તોય એના ચહેરાનું નૂર ન જાય. બીક અને કમજોરી એ જ દુનિયાનું સૌથી મોટું પાપ છે અને એ જ જીવતેજીવ મૃત્યુ સમાન છે.

મોટા પેકેજનો ભપકો અને મનની મૂંઝવણ : આજે માણસ દુનિયાને બતાવવા માટે જીવે છે અને અપેક્ષાઓના બોજ નીચે કચડાઈ રહ્યો છે. આપણી પાસે બધું જ હોવા છતાં અંદરથી એક ડર કાયમ સતાવે છે. 'જો હું પાછળ રહી જઈશ તો લોક શું કહેશે ?' આ લોક લાજ અને હારવાનો ડર જ આપણી અંદરની અસલી કમજોરી છે. આપણે આપણી સાહજિકતા અને જૂના સંસ્કારોને બાજુ પર મૂકીને આખો દિવસ એવી આંધળી દોડ પાછળ ઘસાતા રહીએ છીએ, જેનો છેલ્લે કોઈ અંત જ નથી !

સ્વામી વિવેકાનંદે વારંવાર ટકોર કરી હતી કે, 'બહારની દુનિયાને જીતતા પહેલાં, અંદરના ડર પર વિજય મેળવવો જરૂરી છે.'જે માણસ હિંમત હારી બેસે છે, એ ગમે તેટલા કમાય તોય કાયમ ગુલામ જેવો જ રહે છે. ખરી પ્રગતિ અને અમીરાત એ છે જે માણસને કોઈ પણ ભય વિના, સાચા રસ્તે અને ઈમાનદારી સાથે અડીખમ ઊભા




રહેતા શીખવે. શક્તિ કોઈ દુકાનેથી વેચાતી નથી મળતી સાહેબ, એ તો તમારી આત્મશ્રદ્ધામાંથી જન્મે છે.

**સંઘર્ષનું ઓડિટ:** મુશ્કેલીઓ આપણને તોડવા નથી આવતી, આપણા કાઠિયાવાડમાં વડીલો એક સરસ વાત કહેતા કે, 'ટાંકણાના ઘા ખમે એ જ પથ્થર પૂજાય'.'જિંદગીના પડકારો, ઓફિસનું પ્રેશર, આર્થિક મુશ્કેલીઓ અને ભવિષ્યની ચિંતાઓ એ બીજું કંઈ નથી પણ કુદરત દ્વારા લેવાતી આપણી આંતરિકપરીક્ષા છે. જયારે સમય કપરો ચાલી રહ્યો હોય ત્યારે હથિયાર હેઠા મૂકી દેવા એ કાયરતા છે. સાચી મર્દનગી એમાં છે કે પરિસ્થિતિ ગમે તેટલી ધૂંધળી હોય, છતાં પોતાના સિદ્ધાંતો અને નૈતિક મૂલ્યોને મૂકયા વગર માણસ સીનાતાન કરીને ઊભો રહે.

જયારે તમે અંદરથી લોખંડી મનોબળ કેળવી લો છો, ત્યારે દુનિયાની કોઈ પણ આકરી સિસ્ટમ કે કડક નિયંત્રણો તમને નમાવી શકતા નથી. લોઢું જેમ ભઠ્ઠીમાં તપીને વધુ મજબૂત બને છે, એમ માણસ પણ સંઘર્ષોની વચ્ચે જ ખરો સિકંદર બને છે. જો તમે નબળા બનીને ચિંતાઓથી ભાગશો, તો એ મુશ્કેલીઓ તમારા મગજ પર સવાર થઈ જશે અને તમને અંદરથી તોડી નાખશે. પણ જો તમે સાદગી અને હિંમતથી એનો સામનો કરશો, તો ગમે તેવા તોફાનો પણ રસ્તો બદલવા મજબૂર થઈ જશે.

**જીવનમાં સાચી 'સ્ટ્રેન્થ' (શક્તિ) લાવવાના ૪ સરળ ઉપાયો :**

**૧.વર્તમાનને વહાલ કરો :** જિંદગી 'ત્યાં' નથી જે આવવાની છે, જિંદગી 'અહીં' છે જે અત્યારે ચાલી રહી છે. રોજ સવારે ઊઠીને તમારી આંતરિક શક્તિને યાદ કરો. ભવિષ્યનું આયોજન ચોક્કસ કરો, પણ એ ચક્કરમાં આજની સુંદર સાંજને અને પરિવાર સાથેની ખુશીઓને રોળ વાનું બંધ કરો.

**૨. ભયમુક્ત અને ઈમાનદાર જીવન :** જયારે તમે કોઈ પણ સ્વાર્થ વગર, સાચા રસ્તે જીવો છો, ત્યારે તમારા મનમાંથી બધો જ ભય ગાયબ થઈ જાય છે. ચોખ્ખું દિલ એ જ શક્તિનું સૌથી મોટું પાવર હાઉસ છે.

**૩.ગણતરી બાજ સંબંધોથી દૂર રહો :** સોશિયલ મીડિયાના નકલી લાઈકસ અને સ્વાર્થી સંબંધો પાછળ દોડવાનું બંધ કરો. જે સંબંધોમાં કોઈ ગણતરી નથી પણ સાચો પ્રેમ છે, એવા પાકા મિત્રો અને પરિવાર જ આપણી સાચી મૂડી છે.

**૪.ઈશ્વરનો આભાર માનો :** આ સૃષ્ટિમાં આપણને જે મળ્યું છે, તેના માટે ઉપરવાળાનો કાયમ આભાર માનો. કુદરતની નજીક બે ઘડી વિતાવવાથી મનની બધી જ નકારાત્મક ઉર્જા અને નબળાઈ આપોઆપ ઓગળી જાય છે. જિંદગી બહુ ટૂંકી છે સાહેબ, એમાં ઓફિસના ડેડલાઈન્સ અને રૂપિયાની આ ભાગદોડ તો છલ્લે સુધી ચાલવાની જ છે. પણ ખરી જીત એ જ ગણાશે કે ગમે તેવા તોફાનો વચ્ચે પણ આપણું મન અંદરથી કમજોર ન પડે, આપણું મન શાંત હોય, ચહેરો હસતો હોય અને હૃદયમાં બધા માટે પ્રેમ હોય.

છલ્લે, આ પ્રખર આત્મચિંતન પર આટલું જ : 'પરિસ્થિતિ ગમે તેટલી આકરી હોય સાહેબ, જે મનથી મજબૂત છે, એના આંગણે આશાનો સૂરજ કાયમ આથમતો નથી ! 'આ રવિવારે, નકામી ચિંતાઓનું ભારેખમ બજેટ બાજુ પર મૂકીને, પોતાના પરિવાર સાથે નિરાંતે બેસજો અને જિંદગીના આ સાચા સંતોષને માણજો !

### પ્રિમોન્સુનની કામગીરીમાં દે ધનાધન

# દામનગરમાં સામાન્ય વરસાદ પડતા ઠેકઠેકાણે પાણીનો ભરાવો થયો

## વિકાસની ગુલબાંગોથી વિકાસ થતો નથી

દામનગર, તા. ૪

દામનગરમાં પુલ ઉપર વરસાદી પાણીના ભરાવાથી વાહનચાલકો તોબા પોકારી ઉઠે છે.

તો એટલો બધો જોરશોરથી થઈ રહ્યો છે કે ડબલ એન્જિનની સરકારના વખાણ કરીએ એટલા ઓછા પડે તોય પાછું વધુ તક આપ્યા પછી પણ સમસ્યા ઠેરની ઠેર જોવા મળે છે...!! દામનગરમાં આઠ વર્ષ પહેલા અંદાજે રૂા. દોઢ કરોડના ખર્ચે બનાવેલ જુના પુલની જગ્યાએ નવા પુલ ઉપર વરસાદ આવે ત્યારે જાણે એવા દ્રશ્યો જોવા મળે કે ચેક ડેમ બનાવ્યો લાગે છે અથવા તો નાનું અમથુ તળાવડુ બની જાય છે.પાણીના નિકાલ માટે સાઈડમાં પાઈપ હોય તેમાં કચરો ભરાઈ જવાથી પાણીનો નિકાલ ન થવાથી વાહનચાલકો અને રાહદારીઓ ઉપર પાણી ઉડતું હોય




માથાકૂટ થતી હોય છે, આળસ ખંખેરી પ્રિ મોન્સૂનની કામગીરી આ પુલ ઉપર કરવામાં આવે એવી માંગ છે. ભલે આ પુલ સ્ટેટ હસ્તક હોય પણ સ્થાનિક તંત્ર આ કામગીરી કરી શકે, લોકોનાં સારાં સ્વાસ્થ્ય માટે..!

### તાલુકા પંચાયત પ્રમુખની જહેમતથી

# લીલીયાના ભેંસાણપરા વિસ્તારનો પીવાનો પાણીનો જુનો પ્રશ્ન દુર થયો

## ટુંક સમયમાં નાગરિકોને પીવાનું પાણી મળતુ થશે

લીલીયા, તા. ૪

લીલીયા તાલુકાના ગામના ભેંસાણ પરા વિસ્તારનો વર્ષો જુનો પીવાનો પાણીનો પ્રશ્ન હતો. આ પરામાં અંદાજિત ૫૦ ઘરોને પીવાના પાણી મળતા નહી અને આ વિસ્તારમાં ફલોરાઈટ વિસ્તાર હોવાથી પીવા લાયક પાણી ન હોય જેથી ગામથી દુર બે કિલો મીટર આ લોકોનાં પાણી ભરવા જવું પડતું, જેથી આ વિસ્તારના



લોકો તાલુકા પ્રમુખ પાસે આ વિસ્તારના લોકો તાલુકા પ્રમુખ પાસે આ વિસ્તારના લોકો આવ્યા હતા. જેથી તાલુકા પ્રમુખ જગદીશભાઈ દેથળીયા આ બાબતે તાલુકા સંકલન પ્રશ્ન રજુ કર્તા જેથી પાણી પુરવઠા અને વાસ્કોના અધિકારીઓ આ પ્રશ્ન સાંભળતા ટુંક સમયમાં નવી લાઈન નાખી અને પાણીનો સંપ કરવાની જવાબદારી અધિકારી આપેલ જેથી ટુંક સમયમાં આ વિસ્તારના લોકોને પાણી મળશે જેથી વર્ષો જુનો પાણી પ્રશ્ન હલ કરાવતા લીલીયા તાલુકા પંચાયત પ્રમુખ જગદીશભાઈ દેથળીયા

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીનાં વરસડા ગામ નજીક**

આવેલ સદગુરૂનગર બસ સ્ટેન્ડ પાસે પહોંચતા અચાનક બોલેરો રોડની સાઈડમાં પલ્ટી મારી જતા બધા બોલેરોમાંથી નીચે ફંગોળાઈ ગયેલ હતા. તેમજ બોલેરો રોડની સાઈડમાં ઉતરી ગયેલ અને તમામને નાની મોટી ઈજા થયેલ હોય અને વારાફરતી અમે બધા બોલેરોમાંથી બહાર નીકળેલ અને ત્યાં માણસો ભેગા થઈ જતા કોઈએ ૧૦૮ને ફોન કરતા થોડીવારમાં ૧૦૮ આવી જતા વારા ફરતી બધાને અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે સારવારમાં લઈ ગયેલ તેમજ યુવકના કુંટુંબી કાકા નાનજીભાઈ સુખાભાઈ પટેલીયા બોલેરોમાં પાછળ સુતા હતા. જેથી બોલેરો પલ્ટી મારવાથી તેના મોઢા પર બોલેરોની પાઈપ વાગી જવાથી અકસ્માતના સ્થળ પર જ મરણ ગયેલ હતા.

આ બનાવમાં બોલેરો પીકઅપ ફોર વ્હીલના ચાલક અનુભાઈ પરમારે તેનો બોલેરો પીકઅપ રજી નં. જી.જે.–૨૨ યુ–૩૭૫૮એ પુરઝડપે બેફીકરાઈથી ચલાવી માણસની જીંદગી જોખમાય એ રીતે ચલાવી નાનજીભાઈ સુખાભાઈ પટેલીયા (ઉ.વ. ૪૮)નુ મૃત્યુ નિપજાવેલ હોય. પીકઅપ ફોર વ્હીલના ચાલક અનુભાઈ પરમાર સામે પોલીસ ફરીયાદ નોંધાઈ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૧૨૫ | ૧૨૬૦ |
| ૨ | જીરૂ | ૩૧૫૦ | ૩૮૧૦ |
| ૩ | ચણા | ૧૦૮૦ | ૧૧૧૫ |
| ૪ | ઘઉં | ૪૯૫ | ૫૧૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૧૧૩૫ | ૧૪૫૦ |
| ૨ | શિંગદાણા | ૧૩૦૦ | ૨૪૮૦ |
| ૩ | શિંગદાણા ફાડા | ૧૪૩૫ | ૧૭૪૦ |
| ૪ | તલ સફેદ | ૧૪૨૫ | ૨૭૫૦ |
| ૫ | તલ કાળા | ૨૧૪૦ | ૩૯૯૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૪૫૦ | ૨૪૫૦ |
| ૭ | બાજરો | ૩૨૦ | ૪૪૦ |
| ૮ | જુવાર | ૯૫૦ | ૧૦૪૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૫૦ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૬૫ | ૫૪૫ |
| ૧૧ | મકાઈ | ૩૩૦ | ૫૧૦ |
| ૧૨ | મગ | ૭૫૦ | ૧૫૦૫ |
| ૧૩ | ચણા | ૯૭૫ | ૧૧૭૫ |
| ૧૪ | ચણા દેશી | ૧૦૮૫ | ૧૦૮૫ |
| ૧૫ | છોલે ચણા | ૧૦૫૦ | ૧૩૮૦ |
| ૧૬ | તુવેર | ૧૧૮૦ | ૧૪૪૫ |
| ૧૭ | કપાસ | ૯૩૦ | ૧૯૩૦ |
| ૧૮ | એરંડા | ૧૩૧૫ | ૧૩૭૦ |
| ૧૯ | જીરૂ | ૨૫૦૦ | ૩૮૦૦ |
| ૨૦ | રાયડો | ૧૩૪૦ | ૧૩૪૦ |
| ૨૧ | ધાણી | ૧૮૦૦ | ૨૮૫૫ |
| ૨૨ | અજમા | ૨૫૦૫ | ૨૫૦૫ |
| ૨૩ | મેથી | ૧૧૦૫ | ૧૩૯૫ |
| ૨૪ | સોયાબીન | ૧૨૦૦ | ૨૦૩૦ |
| ૨૫ | રજકાનું બી | ૭૩૦૦ | ૮૫૩૫ |
| ૨૬ | સૂર્યમુખી | ૧૨૦૦ | ૧૨૦૦ |

પાના ૮ ઉપરનું ચાલું **બાબરાનાં નોંધણવદર ખાતેથી**

થોરખાણ ગામે રહેતા ભીખા રવજીભાઈ ગોલતર નામના ઈસમને દેશી દારૂ લીટર–૨૦૮૫ કિંમત રૂા. ૪,૧૭,૦૦૦, દેશીદારૂ ગાળવાનો ઠંડો તથા ગરમ આથો લીટર ૧૩,૨૫૦ કિંમત રૂપિયા ૩,૩૧,૨૫૦, આથામાં નાખવાનો લાટો નંગ–૨૦ કિંમત રૂપિયા ૪૦૦ તથા મોટર સાયકલ નંગ–૧ કિંમત રૂપિયા ૫૦,૦૦૦, એક બ્લુ કલરનુ ૮ એચ.પી.નુ જનરેટર કિંમત રૂપિયા ૫૦,૦૦૦, જલાઉ સુકા લાકડા આશરે ૧૦૫ મણ કિંમત રૂપિયા ૩૧૫૦ તથા અન્ય સાધનો મળી કુલ રૂપિયા ૮,૭૦,૦૫૦નાં મુદામાલ સાથે આરોપી ઝડપાયેલ ગયેલ હતો.

આરોપીની પૂછપરછ કરતા ભીખાભાઈ રવજીભાઈ ગોલતરને નોંધણવદર ગામે રહેતા આરોપી ભાભલુભાઈ જીલુભાઈ ટીટોસા સહિત ચાર ઈસમોએ દારૂ ગાળવાની મજુરીએ રાખી તમામ આરોપીએ દેશી દારૂની ભઠ્ઠી ચલાવી દેશી દારૂ બનાવવાના આથા તથા દારૂ ગાળ વાના સાધનો રાખેલ હોય. આ બનાવના પાંચ આરોપી સામે ધોરણસર ફરિયાદ નોંધી આગળની તપાસ લાઠી પોલીસ સ્ટેશનના પી.આઈ.એ હાથ ધરી છે.

પાના ૮ ઉપરનું ચાલું **અયોધ્યાનાં રામ મંદિરમાં દાનમાં થયેલ**

સનાતન પરંપરા અને રાષ્ટ્ર ચેતનાના જીવંત પ્રતીક છે. કરોડો શ્રદ્ધાળુઓએ પોતાના વિસ, સમર્પણ અને ભાવનાઓ સાથે શ્રીરામ મંદિર નિર્માણ માટે યોગદાન આપ્યું છે. આવા પવિત્ર કાર્ય સાથે જોડાયેલા દાનમાં ગેરરીતિની આશંકા માત્ર આર્થિક ગુનો નથી, પરંતુ દેશના કરોડો શ્રદ્ધાળુઓની લાગણી અને આસ્થાને ઠેસ પહોંચાડનાર અત્યંત ગંભીર ઘટના તરીકે જોવામાં આવી રહી છે. આ મુદ્દાને ગંભીરતાથી ધ્યાનમાં લઈ અમરેલી જિલ્લા વિ હિન્દુ પરિષદના અધ્યક્ષ વિજયભાઈ દેસાઈ તેમજ વિ હિન્દુ પરિષદના કાર્યકરો અને સભ્યો દ્વારા સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી.

રજૂઆતમાં માંગ કરવામાં આવી હતી કે, આ સમગ્ર મામલાની સુનાવણી ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવવામાં આવે અને જો કોઈ વ્યકિત દોષિત સાબિત થાય તો તેને કડકમાં કડક સજા આપવામાં આવે. વિ હિન્દુ પરિષદ દ્વારા વધુમાં જણાવાયું હતું કે શ્રીરામ મંદિર દેશના કરોડો હિંદુઓની આસ્થા અને સંસ્કૃતિનું કેન્દ્ર છે. તેથી આ મામલે કોઈપણ પ્રકારની ઢીલાશ કે રાજકીય હસ્તક્ષેપ વગર પારદર્શક અને ઝડપી તપાસ થવી અત્યંત આવશ્યક છે. દોષિતોને ઉદાહરણરૂપ સજા આપવામાં આવશે તો જ દેશના કરોડો શ્રદ્ધાળુઓનો વિસ વધુ મજબૂત બનશે. અમરેલી જિલ્લા વિ હિન્દુ પરિષદના અધ્યક્ષે વધુમાં જણાવ્યું હતું કે ભગવાન શ્રીરામ પ્રત્યેની શ્રદ્ધા અને આસ્થાને કોઈપણ કિંમતે ઠેસ પહોંચવા દેવામાં આવશે નહીં અને સનાતન સમાજની ભાવનાઓનું રક્ષણ કરવું એ દરેક જવાબદાર નાગરિક અને સંસ્થાની નૈતિક જવાબદારી છે. તેમણે સરકારને આ મામલે ઝડપી અને નિષ્પક્ષ કાર્યવાહી કરવાની અપીલ કરી હતી.

ધો. ૧૦–૧૨ પુરક પરિક્ષા પાસ આઉટ – પ્રવેશ ચાલુ
ધો.–૧૧ આર્ટસ કોમર્સ સાયંસ ગુજરાતી – ઈંગ્લીશ મિડીયમ
BA - B.Sc. માઈક્રો - BT
B.Com. બન્ને મિડીયમ
BBA - BCA - PTC પ્રવેશ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી–Ad 117

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીનાં જશવંતગઢ ગામે**

માંગરોળીયાએ પંચાયત માર્ગ અને મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર સામે ગંભીર આક્ષેપો સાથે રજૂઆત કરી છે.

તેઓના જણાવ્યા મુજબ જશવંતગઢ ગામમાં શરમાળીયા પરા એપ્રોચ રોડ, ચિતલ–લાતી બજાર રોડ તેમજ જશવંતગઢથી સ્ટેટ હાઈવે સુધીના કુલ ત્રણ આર.સી.સી. રોડનું નિર્માણ આશરે આઠ માસ પહેલાં કરવામાં આવ્યું હતું. જોકે રોડની ગુણવત્તા નબળી હોવાના આક્ષેપો સાથે અગાઉ વિજિલન્સ તપાસની માંગ કરવામાં આવી હતી. નવો બનાવામાં આવી રહેલ રોડની ટેન્ડર પ્રક્રીયા વિના જ અને આઠ માસના ટુંકા ગાળામાં કેમ બીજી વાર રોડ બનાવવામાં આવી રહેલ છે ? એ એક તપાસનો વિષય છે.

તેઓનો આક્ષેપ છે કે વિજિલન્સ તપાસ પૂર્ણ થાય તે પહેલાં જ પંચાયત માર્ગ અને મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેરની મિલીભગતથી કોઈપણ ઉચ્ચ અધિકારીની પૂર્વ મંજૂરી વિના જ રોડ તોડી ફરીથી બનાવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. આ અંગે ગામના આગેવાનો સાથે મળીને વિરોધ પણ નોંધાવવામાં આવ્યો હતો.

હાલમાં ચોમાસાની ઋતુ દરમિયાન રોડ તોડી દેવાતા યોગ્ય ડાયવર્ઝનની વ્યવસ્થા કરવામાં આવી નથી. જેના કારણે વરસાદી પાણી રોડ પર ભરાઈ રહે છે અને સ્થાનિક રહેવાસીઓ તેમજ વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

આ ઉપરાંત રોડના પુનઃ નિર્માણ દરમિયાન તોડવામાં આવેલા જૂના રોડનું લોખંડ ફરીથી વપરાતું હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. સાથે જ આ સ્થળોએ સલામતી માટે બેરીકેડ પણ મૂકવામાં આવ્યા નથી. જેના કારણે બહાર નીકળેલા લોખંડના સળિયા અકસ્માતને આમંત્રણ આપી રહ્યા હોવાનું જણાવ્યું છે.

તેઓએ સમગ્ર મામલે જવાબદાર અધિકારીઓ સામે યોગ્ય કાર્યવાહી કરવાની તેમજ રોડના કામમાં થયેલી ગેરરીતિઓની નિષ્પક્ષ તપાસ કરી જવાબદારો સામે કડક પગલાં ભરવાની માંગ ઉઠાવી છે.

હવે આ સમગ્ર મામલે પંચાયત માર્ગ અને મકાન વિભાગ શું સ્પષ્ટતા કરે છે અને તપાસમાં શું બહાર આવે છે, તેના પર સ્થાનિક લોકોની નજર મંડાયેલી છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૬૯ | ૪૬૯ |
| ૩ | ચણા | ૧૧૪૫ | ૧૧૪૫ |
| ૪ | તુવેર | ૧૨૦૦ | ૧૩૭૧ |
| ૫ | ધાણા | ૨૭૨૫ | ૨૭૨૫ |
| ૬ | મગ | ૧૦૦૦ | ૧૬૨૫ |
| ૭ | તલ કાળા | ૨૩૫૦ | ૨૫૦૦ |
| ૮ | તલ કાળા | ૨૨૦૦ | ૩૪૦૦ |
| ૯ | જુવાર | ૯૦૦ | ૯૦૦ |
| ૧૦ | શીંગ દાણા | ૧૪૨૫ | ૧૮૬૦ |
| ૧૧ | રાઈ | ૧૨૬૦ | ૧૨૬૦ |
| ૧૨ | સોયાબીન | ૧૧૨૫ | ૧૨૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૩૦૦ | ૧૪૫૫ |
| ૨ | શીંગ દાણા | ૧૮૦૦ | ૨૪૦૧ |
| ૩ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૬૦૬ |
| ૪ | તલ કાળા | ૩૦૦૦ | ૩૮૦૦ |
| ૫ | જીરૂ | ૩૯૦૦ | ૪૦૦૧ |
| ૬ | કપાસ | ૧૨૦૦ | ૧૪૩૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૧૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૩૦ |
| ૯ | બાજરો | ૪૫૦ | ૫૦૦ |
| ૧૦ | જુવાર | ૫૦૦ | ૧૧૦૦ |
| ૧૧ | મગ | ૧૩૦૦ | ૧૬૨૫ |
| ૧૨ | ચણા | ૧૧૦૦ | ૧૧૫૨ |
| ૧૩ | તુવેર | ૧૨૦૦ | ૧૩૯૨ |
| ૧૪ | મેથી | ૧૧૦૦ | ૧૨૫૦ |
| ૧૫ | ધાણા | ૨૫૦૦ | ૨૯૦૦ |

### પૂર્વ નગરસેવક મધુભાઈ ચાવડાનાં પુત્રનુ અવસાન થતા

# અમરેલીનાં પૂર્વ નગરસેવકનાં પરિવારજનોને સાંત્વના પાઠવતાં ઈફકો ચેરમેન દિલીપ સંઘાણી

## અમર ડેરીનાં ચેરમેન અશ્વિન સાવલીયા પણ જોડાયા



અમરેલી, તા. ૪

અમરેલીનાં પૂર્વ નગરસેવક અને ભાજપનાં અગ્રણી મધુભાઈ ચાવડાનાં યુવાન પુત્ર મિરાજનું થોડા દિવસો પહેલા અવસાન થયેલ.

આજે ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણીએ ચાવડા પરિવારને સાંત્વના પાઠવીને સ્વ. મિરાજને શ્રધ્ધાસુમન અપર્ણ કર્યા હતા.

આ તકે અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા તેમજ બાબુભાઈ સખવાલા, કમલેશભાઈ કોરાટ, વિરજીભાઈ બોરીચા, રમેશભાઈ શિંગાળા, ઉદિતભાઈ બોરીચા, અમરશીભાઈ દાફડા પણ જોડાયા હતા.

પૂર્વ નગરસેવક મધુભાઈ ચાવડા અને બાબુભાઈ ચાવડા સમક્ષ સંવેદના વ્યકત કરી હતી.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીની કલેકટર કચેરીને**

હરકતમાં આવ્યું હતું.

સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા કલેકટર કચેરીમાં હાજર અરજદારો, મુલાકાતીઓ તેમજ ફરજ પરના તમામ અધિકારીઓ અને કર્મચારીઓને તાત્કાલિક કચેરીની બહાર કાઢવામાં આવ્યા હતા. ત્યારબાદ સમગ્ર પરિસરને પોલીસ બંદોબસ્ત હેઠળ લઈ લેવામાં આવ્યો હતો.

સ્થાનિક પોલીસ સાથે ડોગ સ્કવોડની ટીમે ચાલુ વરસાદે જ કલેકટર કચેરીના દરેક વિભાગ, રૂમ, કોરિડોર તથા આસપાસના વિસ્તારની સઘન તપાસ હાથ ધરી હતી. લાંબા સમય સુધી ચાલેલી તપાસ દરમિયાન કોઈ પણ પ્રકારની શંકાસ્પદ કે વાંધાજનક વસ્તુ મળી આવી ન હતી. તપાસ પૂર્ણ થયા બાદ કચેરીની કામગીરી ફરી શરૂ કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ અમરેલી કલેકટર કચેરીને આવી જ પ્રકારની બોમ્બની ધમકી મળી ચૂકી છે. ફરી એક વખત સમાન પ્રકારની ધમકી મળતાં સુરક્ષા વ્યવસ્થાને લઈને અનેક સવાલો ઉભા થયા છે.

આ સમગ્ર મામલે પોલીસ પત્ર કોણે મોકલ્યો અને તેની પાછળનો હેતુ શું છે. તે અંગે વિવિધ દિશામાં તપાસ શરૂ કરી છે. પોલીસે જણાવ્યું હતું કે ધમકીને ગંભીરતાથી લઈ તમામ પાસાની તપાસ કરવામાં આવી રહી છે અને આવી ધમકી આપનાર વ્યકિત સુધી પહોંચવા જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પાના ૧ ઉપરનું ચાલું **અપમૃત્યુનાં ૨ બનાવો નોંધાયા**

ઈજા થતા તેમને સારવાર માટે દવાખાને ખસેડાયેલ. જયાં તેમનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

બીજા બનાવમાં વડીયા ગામે આંબેડકરનગરમાં ખાખરીયા રોડ ઉપર રહેતા રવજીભાઈ પાલાભાઈ મકવાણા નામના ૬૦ વર્ષીય વૃદ્ધને બે મહિના પહેલા તેમને કેન્સરની બીમારી હોવાનુ નિદાન થયેલ હતું. જેથી પોતાને હવે સારૂ નહી થાય તેમ માની લઈ અને બીમારીથી કંટાળી જઈ પોતાના રહેણાંક મકાને ગળ ફાંસો ખાઈ આપઘાત કરી લેતા મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **રૂપિયા ૪ લાખની ઠગાઈ**

આરોપીઓને ઝડપી પાડવા ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

આ બનાવમાં બગસરા ગામે નટવરનગરમાં રામજી મંદિર પાસે રહેતા દિલીપગર ભીખુગર ગૌસ્વામી નામના પર વર્ષીય આધેડના વોટ્સએપ એકાઉન્ટ મોબાઈલ નંબર ઉપર કોઈ અજાણ્યા આરોપીએ પોતાના મો. નં. +૯૧ ૭૭૧૮૭ ૨૦૬૪૧ ઉપરથી આધેડનો વોટ્સએપ મારફતે સંપર્ક કરી આધેડને ગત તા. ૨૪/૧૨/૨૫ થી તા. ૨૪/૨ ના સમયગાળા દરમિયાન વોટ્સએપ ગ્રુપમાં જોઈન કરેલ હતા અને બાદમાં આધેડને બીજા આરોપીએ મો.નં. +૯૧૮૯૮૫૨ ૦૨૮૧૯ ઉપરથી આધેડના બેન્ક એકાઉન્ટ લગત વિગતો મેળવી આધેડને વેબસાઈટ ઉપર જઈ ટ્રેડીંગ એકાઉન્ટ બનાવડાવી અને રોકાણની સામે ૨૦૦% રીટર્નની વાત કરી હતી અને શેરબજારમાં શોર્ટ ટર્મ સાથે હાઈ પ્રોફીટનું જણાવી આધેડને યશતેજ ઈન્ડસ્ટ્રીઝ ઈન્ડિયા લી.નો આઈ.પી.ઓ.માં રૂપિયા ૧૦,૦૦,૦૦૦ની સામે રૂપિયા ૪,૦૦,૦૦૦ વળતરની લાલચ આપી ત્રીજા આરોપીએ યુકો બેન્કના બેન્ક એકાઉન્ટ નંબર–૩૬૦૬૦૨ ૧૦૦૦૦૭૮૬ આરટીજીએસમાં રોકાણ કરાવી આધેડના બેન્ક ઓફ બરોડાના ખાતા નંબર ૪૩૨૫૦૨૦૦૦૦૧૪૩૧માંથી રૂપિયા ૪,૦૦,૦૦૦ આઈ.પી.ઓ.માં રોકાણ સારૂ ટ્રાન્સફર કરાવી આધેડના પૈસા પરત ન આપી આધેડ સાથે સાયબર ફ્રોડ કરી રૂપિયા ૪,૦૦,૦૦૦ની ઠગાઈ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીઓને ઝડપી પાડવા ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

**જાહેર નોટિસ**

// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૨૨૮/૨૦૨૬

**અરજદારશ્રી:** ૧) હમીદભાઈ રહેમાનભાઈ બેલિમ રહે. મહાવીર નગર, કોર્ટની પાછળ લાઠી — તા. ૦૪/૦૬/૨૦૨૬

// વિરૂધ્ધ //

**સામાવાળા:** ૧ જન્મ–મરણ અધિકારીશ્રી, નગપાલિકા કચેરી સાવરકુંડલા, તા.સાવરકુંડલા

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી**ના ભત્રીજા હુસેનભાઈ બચુભાઈ બેલીમ**નો જન્મ **તા.૦૧/૦૮/૧૯૬૭** ના રોજ મુ.તા.સાવરકુંડલા, જિ.અમરેલી મુકામે થયેલ પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલીકા/ગ્રામપંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. આ અરજી અન્વયે સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા.૦૪/૦૬/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિકકો

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ સાવરકુંડલા**

**અસલ વેચાણ દસ્તાવેજ તથા અસલ રજીસ્ટર્ડ રસીદ ખોવાયા અંગેની**

**જાહેર નોટિસ**

આથી અમો નીચે સહી કરનાર સંજય એચ. ભેંસાણીયા, એડવોકેટ એન્ડ નોટરી, રહે. અમરેલી તે મારા અસીલ શ્રીમતી રેખાબેન તનસુખભાઈ ગઢિયા, રહે.વડેરા, તા.જી.અમરેલીની સુચનાથી આથી જાહેર જનતા જોગ આ નોટીસ કમ ચેતવણી આપી જણાવીએ છીએ કે, ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના અમરેલી તાલુકા વડેરા ગામે **સર્વે નંબર ૧૪૦, પ્લોટ નંબર ૮, કે જેના ચો.મી.૪૨૩–૫૮** વાળી મિલકત હાલ રેખાબેન તનસુખભાઈ ગઢિયાની માલિકી કબ્જો ભોગવટાની મિલકત આવેલ છે.

આ ઉપરોકત મિલકતના ઉત્તરો–ઉત્તર દસ્તાવેજો પૈકી રજી. વેચાણ દસ્તાવેજ નંબર ૩૧૯, તા.૦૭–૦૨–૧૯૯૦ ના રોજ ધનજીભાઈ બાવાભાઈ હપાણી પાસેથી અમારા અસીલે વેચાણથી રાખેલ છે તે અસલ વેંચાણ દસ્તાવેજ તથા તેની રજીસ્ટર્ડ રસીદ ખોવાઈ ગયેલ છે તેવી માહિતી અમોને આપેલ છે. જેથી ઉપરોકત અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તથા અસલ રજીસ્ટર્ડ રસીદ જો કોઈને મળેલ હોય કે મળે તો તેમને નીચે જણાવેલ સરનામે દિન–૫ માં જાણ કરવા અગર પહોંચતા કરવા આથી જાણ કરવામાં આવે છે. આ ઉપરાંત મિલકતની માલિકી બાબતેના ટાઈટલ બાબતે કોઈને પણ કોઈપણ પ્રકારનો હક્ક હિત સંબંધ હોય તો તે હક્ક–હિત સંબંધેના જરૂરી આધાર પુરાવાઓ અમારી પાસે દિન–૫ની અંદર અમારા નીચેના સરનામે રજુ કરશો. આ ઉપરોકત મિલ્કત સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં કે કોઈપણ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈપણ જગ્યાએ વાદ–વિવાદ ચાલતા હોય કે ચાલેલ હોય તો તેવા વિવાદના પક્ષકાર કે પક્ષકારોએ સાધનિક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન–૫ માં અમારો નીચેના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામાં આવે તો આ ઉપરોકત મિલકત ટાઈટલ કલીયર છે તેવું માની આગળની કાર્યવાહી કરવામાં આવશે, ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો, કે તકરાર ચાલશે નહિ જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**તા.૦૪/૦૭/૨૦૨૬ અમરેલી**

સિકકો

**અમારા અસીલની સુચનાથી રેખાબેન તનસુખભાઈ ગઢિયા**

**સંજય એચ. ભેસાણીયા**
**એડવોકેટ એન્ડ નોટરી,**
**જી–૬૯, ગ્રાઉન્ડ ફલોર, સરદાર શોપિંગ સેન્ટર,**
**જિલ્લા પંચાયત સામે, અમરેલી.**
**મો. નં. ૯૩૭૪૫ ૯૬૭૪૫**

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૦૯૦ | ૧૦૯૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૧૨ |
| ૩ | જુવાર | ૮૫૦ | ૮૫૦ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૫૨ | ૪૮૮ |
| ૫ | અડદ | ૮૦૦ | ૧૫૩૫ |
| ૬ | ચણા | ૯૭૦ | ૧૧૨૨ |
| ૭ | મગ | ૧૫૨૫ | ૧૫૪૪ |
| ૮ | ધાણા | ૨૭૪૫ | ૨૭૪૫ |
| ૯ | શીંગદાણા | ૧૫૯૦ | ૧૫૯૦ |
| ૧૦ | સોયાબીન | ૧૩૦૦ | ૧૪૩૦ |
| ૧૧ | તલ સફેદ | ૧૮૬૫ | ૨૩૬૫ |
| ૧૨ | બાજરો | ૩૦૦ | ૩૦૦ |
| ૧૩ | તલ કાળા | ૨૨૦૦ | ૨૩૯૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૦૦ | ૧૨૨૫ |
| ૨ | તલ સફેદ | ૨૪૫૦ | ૨૪૫૦ |
| ૩ | તલ કાળા | ૩૫૦૧ | ૩૫૦૧ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૭૫૫ |
| ૫ | બાજરો | ૪૦૦ | ૫૨૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૧૪ |
| ૭ | જુવાર | ૫૭૫ | ૧૧૭૯ |
| ૮ | અડદ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૯ | તુવેર | ૧૨૬૦ | ૧૨૬૦ |
| ૧૦ | ચણા | ૯૦૦ | ૧૧૦૯ |
| ૧૧ | જીરૂ | ૩૭૦૦ | ૩૭૦૦ |
| ૧૨ | શીંગદાણા | ૧૫૦૦ | ૧૭૫૦ |

# સાવરકુંડલા તાલુકા સ્પોર્ટસ સંકુલની ધારાસભ્ય મહેશ કસવાલાએ મુલાકાત લીધી






સાવરકુંડલા ખાતે નિર્માણ પામેલા તાલુકા સ્પોટર્સ સંકુલની સ્થાનિક ધારાસભ્ય મહેશ વાળાએ સ્થળ મુલાકાત લઈ રમતગમત માટે ઉભી કરવામાં આવેલી વિવિધ સુવિધાઓનું નિરીક્ષણ કર્યુ હતું. મુલાકાત દરમિયાન તેમણે સંકુલમાં ઉપલબ્ધ રમત ગમતના માળખાકીય વિકાસની સમીક્ષા કરી તેમજ હજુ બાકી રહેલી અને જરૂરી સુવિધાઓ અંગે સંબંધિત અધિકારીઓ પાસેથી વિગતવાર માહિતી મેળવી હતી.ધારાસભ્યએ સ્પોટર્સ સંકુલમાં વિવિધ રમતો માટે તૈયાર કરવામાં આવેલા મેદાનો, તાલીમ માટેની વ્યવસ્થાઓ, ખેલાડીઓ માટેની સુવિધાઓ અને અન્ય માળખાકીય વિકાસનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે અધિકારીઓ સાથે ચર્ચા કરી સંકુલને વધુ આધુનિક અને સર્વસુવિધાસભર બનાવવા માટે જરૂરી આયોજન અંગે માર્ગદર્શન આપ્યું હતું.

મુલાકાત દરમિયાન ખેલાડીઓ અને યુવાનોને ગુણવત્તાસભર તાલીમ અને શ્રેષ્ઠ રમતગમતનું વાતાવરણ મળી રહે તે માટે જરૂરી રમતગમતના સાધનો, ઈન્ફ્રાસ્ટ્રકચર, બેસવાની વ્યવસ્થા, પ્રકાશ વ્યવસ્થા, પીવાના પાણી, સ્વચ્છતા સહિતની અન્ય આવશ્યક સુવિધાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. હાલમાં જે સુવિધાઓનો અભાવ છે તે શકય તેટલી વહેલી તકે ઉપલબ્ધ કરાવવા માટે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.
ધારાસભ્યએ જણાવ્યું કે તાલુકાના પ્રતિભાશાળી ખેલાડીઓને પોતાના વિસ્તારમાં જ ઉચ્ચ કક્ષાની રમતગમતની સુવિધાઓ ઉપલબ્ધ થાય તે રાજય સરકારની પ્રાથમિકતા છે. સ્પોટર્સ સંકુલ સંપૂર્ણપણે કાર્યરત બન્યા બાદ તાલુકાના યુવાનોને વિવિધ રમતોની તાલીમ મેળવવાની વધુ સારી તક મળશે અને રાજય તેમજ રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓ માટે ખેલાડીઓને તૈયાર કરવામાં પણ મદદ મળશે.મુલાકાત દરમિયાન સંબંધિત વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સંકુલના બાકી રહેલા વિકાસકાર્યો ઝડપથી પૂર્ણ કરી રમતવીરોને તમામ જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની ખાતરી આપી હતી.

### ભાજપે યુવા કાર્યકર પર કર્યો વિશ્વાસ

## બાબરા : જિલ્લા કિસાન મોરચા આઈ.ટી.સેલના ઈન્ચાર્જ તરીકે ચેતન જોષીની વરણી

### મિત્રો, શુભેચ્છકો દ્વારા શુભકામના પાઠવાઈ

બાબરા, તા.૪

ભારતીય જનતાપાર્ટી દ્વારા સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે યુવા અને કાર્યકરોને મહત્વની જવાબદારીઓ સોંપવાની પરંપરા સતત જાળવી રાખવામાં આવી રહી છે. તેના ભાગરૂપે બાબરા તાલુકાના અમરાપરા ગામના વતની તથા વર્ષોથી ભાજપના સમર્પિત, સક્રિય અને પાયાના કાર્યકર તરીકે ઓળખ ધરાવતા યુવા અગ્રણી ચેતનભાઈ જોષીની અમરેલી જિલ્લા ભાજપ કિસાન મોરચાના આઈટી સેલ ઈન્ચાર્જ તરીકે નિમણૂંક કરવામાં આવતા બાબરા તાલુકા સહિત સમગ્ર પંથકમાં આનંદ અને ઉત્સાહની લાગણી વ્યાપી છે.ચેતનભાઈ જોષી લાંબા સમયથી ભારતીય જનતા પાર્ટીના સંગઠનાત્મક કાર્યમાં સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે. સોશિયલ મીડિયા, સંગઠન મજબૂત બનાવવાના પ્રયાસો તેમજ પક્ષના કાર્યક્રમોને જનજન સુધી પહોંચાડવામાં તેમણે સતત નોંધપાત્ર કામગીરી કરી છે.



તેમની કાર્યનિષ્ઠા, સંગઠન પ્રત્યેની વફાદારી અને યુવા નેતૃત્વની ક્ષમતાને ધ્યાનમાં રાખીને જિલ્લા ભાજપ દ્વારા તેમને આ મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી હોવાનું કાર્યકરોમાં ચર્ચાઈ રહ્યું છે.

આ નિમણૂંક બદલ જિલ્લા ભાજપ કિસાન મોરચાના પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા સહિત જિલ્લા અને તાલુકા ભાજપના અગ્રણીઓ, હોદ્દેદારો અને કાર્યકરોએ ચેતનભાઈ જોષીને શુભેચ્છાઓ પાઠવી તેમના ઉજ્જવળ કાર્યકાળ માટેશુભકામનાઓ વ્યક્ત કરી હતી.

ચેતનભાઈ જોષીની વરણીને બાબરા સમસ્ત યુવા બ્રહ્મસમાજે પણ ગૌરવની લાગણી સાથે આવકારી હતી. બ્રહ્મસમાજના આગેવાનો, તાલુકાના રાજકીય અને સામાજિક અગ્રણીઓ, યુવા મિત્રો તેમજ શુભેચ્છકોએ અભિનંદન પાઠવી આશા વ્યક્ત કરી કે તેઓ નવી જવાબદારીમાં સંગઠનને વધુ મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે અને કિસાન મોરચાની વિચારધારાને ડિજિટલ માધ્યમો દ્વારા વધુ અસરકારક રીતે જનજન સુધી પહોંચાડશે.ચેતનભાઈ જોષીની આ નિમણૂંકને બાબરા તાલુકાના યુવા કાર્યકરો માટે પણ પ્રેરણારૂપ માનવામાં આવી રહી છે, કારણ કે પક્ષમાં નિષ્ઠાપૂર્વક અને સતત કાર્ય કરનાર કાર્યકરોને યોગ્ય સમયે યોગ્ય સન્માન અને જવાબદારી આપવામાં આવે છે, જે ભારતીય જનતા પાર્ટીની કાર્યકર કેન્દ્રિત વિચારસરણીને વધુ મજબૂત બનાવે છે.

### એટીએમમાં આખલો ઘુસી જતાં લોકોમાં ભારે આશ્વર્ય

## સાવરકુંડલામાં અનોખો કિસ્સો : હાથસણી રોડ પર એસબીઆઈના એટીએમમાં પહોંચ્યો નંદી

### નંદીજીને પૈસાની ઈમરજન્સી જરૂર પડી લાગે છે




સાવરકુંડલા, તા.૪

સાવરકુંડલા શહેરમાં આજે સવારે એક ભારે આશ્વર્યજનક અને તેટલી જ રમુજી ઘટના સામે આવી છે. શહેરના વ્યસ્ત ગણાતા હાથસણી રોડ પર આવેલા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) ના એટીએમ (ATM) કેન્દ્રમાં આજે સવાર – સવારમાં એક નંદી (આખલો) અચાનક અંદર ઘૂસી ગયો હતો. એટીએમના રૂમમાં આરામથી ઉભેલા નંદીને જોઈને ત્યાંથી પસાર થતા વાહનચાલકો અને સ્થાનિક લોકોમાં ભારે કુતૂહલ જોવા મળ્યું હતું.
'શું નંદીજીને પણ નડયો કેશ કંચ?'

આ અનોખી ઘટનાની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ લોકોએ રમુજી પ્રતિક્રિયાઓ આપવાનું શરૂ કર્યુ છે. લોકો હસતાં હસતાં કહી રહ્યા છે કે, 'કદાચ નંદીજીને સવાર – સવારમાં કોઈ પૈસાની ભારે ઈમરજન્સી આવી પડી હશે, એટલે જ સીધા એટીએમ ભેગા થઈ ગયા!'

લોકોના આકર્ષણનું કેન્દ્ર બન્યું એટીએમ, સામાન્ય રીતે લોકો પૈસા ઉપાડવા માટે એટીએમની લાઈનમાં ઉભા રહેતા હોય છે, પરંતુ આજે સવારે આ એટીએમ સેન્ટર પર એક અનોખો જ નજારો હતો. એટીએમના કાચના દરવાજામાંથી અંદર પ્રવેશેલો આખલો ત્યાં શાંતિથી ઉભો રહ્યો હતો. સદનસીબે, આ ઘટના દરમિયાન નંદીજીએ એટીએમ મશીનને કે ત્યાં હાજર કોઈ વ્યક્તિને નુકસાન પહોંચાડયું ન હતું.થોડીવાર સુધી એટીએમની મુલાકાત લઈને અને લોકોને આશ્વર્યમાં મૂકયા બાદ, નંદીજી કોઈ પણ જાતની અફરાતફરી વગર શાંતિથી બહાર નીકળી ગયા હતા. વીકેન્ડની સવારે બનેલી આ હળવી અને રમુજી ઘટના અત્યારે સમગ્ર સાવરકુંડલા પંથકમાં ભારે ચર્ચાનો વિષય બની છે.

### યોગ્ય વ્યકિતને યોગ્ય સ્થાન અપાયું


## બાબરા : જિલ્લા ભાજપ કિસાન મોરચાનાં ઉપપ્રમુખ તરીકે સવજીભાઈ બાંભવાની વરણી

### ખેડૂતો, પશુપાલકોમાં ખુશીની લાગણી

બાબરા, તા. ૪

બાબરા તાલુકાના માલધારી સમાજના અગ્રણી તેમજ વર્ષોથી રાષ્ટ્રીયસ્વયંસેવક સંઘ આરએસએસ અને ભારતીય જનતા પાર્ટીના સમર્પિત પાયાના કાર્યકર તરીકે સંગઠન માટે સતત કાર્યરત રહેલા સવજીભાઈ બાંભવાની અમરેલી જિલ્લા ભાજપ કિસાન મોરચાના ઉપપ્રમુખ તરીકે જિલ્લા ભાજપ દ્વારા નિમણૂક કરવામાં આવતા બાબરા શહેર સહિત સમગ્ર તાલુકામાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

સવજીભાઈ બાંભવાએ વર્ષોથી ભાજપ અને આરએસએસના વિચારોને ગામડે–ગામડે પહોંચાડવા, ખેડૂતો, પશુપાલકો અને માલધારી સમાજના પ્રશ્નોને વાચા આપવા તેમજ સંગઠનને મજબૂત બનાવવા માટે સતત કાર્ય કર્યું છે. તેમની નિષ્ઠા, કાર્યકુશળતા અને સંગઠન પ્રત્યેની અડગ



પ્રતિબદ્ધતાને ધ્યાનમાં રાખીને તેમને આ મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી હોવાનું ભાજપના કાર્યકરોમાં ચર્ચાઈ રહ્યું છે.તેમની નિમણૂકને બાબરા તાલુકાના ખેડૂતો, પશુપાલકો, માલધારી સમાજના આગેવાનો, ભાજપના હોદ્દેદારો, કાર્યકરો તથા શુભેચ્છકોએ હર્ષભેર આવકારી તેમને શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યકર આધારિત રાજકારણને પ્રાધાન્ય આપતી ભાજપ દ્વારા સમર્પિત કાર્યકરોને યોગ્ય સ્થાન આપવામાં આવી રહ્યું હોવાનું પણ કાર્યકરોએ જણાવ્યું હતું.

અમરેલી જિલ્લા ભાજપ કિસાન મોરચાના પ્રમુખ મુકેશભાઈ ખોખરીયાએ પણ સવજીભાઈ બાંભવાની વરણીને આવકારી શુભેચ્છાઓ પાઠવતા વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે તેમના અનુભવ, સંગઠન શક્તિ અને ખેડૂત હિતના અભિગમથી જિલ્લા કિસાન મોરચાને વધુ મજબૂતી મળશે અને ખેડૂતોના પ્રશ્નોના નિરાકરણ માટે તેઓ અસરકારક ભૂમિકા ભજવશે.

સવજીભાઈ બાંભવાની આ વરણીને બાબરા તાલુકા માટે ગૌરવની બાબત ગણાવી તાલુકા ભરમાં અભિનંદનની વર્ષા થઈ રહી છે.

### ગીર ગઢડા ખાતે મામલતદારને આવેદન પત્ર પાઠવ્યું

## જસદણની આલ્ફા હોસ્ટેલમાં બાળકીનાં મૃત્યુ મામલે આહીર સમાજ લાલ ઘુમ

### સમગ્ર ઘટના અંગે તટસ્થ તપાસ કરવા માંગ

ઉના, તા. ૪

ગીર ગઢડાઃ જસદણ ખાતે આવેલી આલ્ફા હોસ્ટેલ અને ટ્રેનિંગ સેન્ટરમાં અભ્યાસ કરતી ૧૦ વર્ષિય બાળકીના મૃત્યુ મામલે આહીર સેવા સમાજ ગીર ગઢડા અને સમસ્ત આહીર સમાજ દ્વારા રાજય સરકાર સમક્ષ ઝડપી અને નિષ્પક્ષ તપાસની માંગ સાથે આવેદનપત્ર આપવામાં આવ્યું છે. મામલતદાર કચેરી, ગીર ગઢડા મારફતે મુખ્યમંત્રી, ગૃહમંત્રી, ગૃહ વિભાગના સચિવ, શિક્ષણમંત્રી અને આરોગ્યમંત્રીને આ આવેદન પાઠવવામાં આવ્યું હતું.આવેદનપત્રમાં જણાવાયું છે કે, બાળકીના પરિવાર દ્વારા હોસ્ટેલ સંચાલન અને સારવાર દરમિયાન કથિત બેદરકારીના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. સમગ્ર ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ કરીને જવાબદાર તમામ વ્યક્તિઓ સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સમાજ દ્વારા ઉઠાવવામાં



આવી છે. સાથે જ પોસ્ટમોર્ટમ, એફએસએલ સહિતના તમામ તપાસ અહેવાલ જાહેર કરવા અને કેસની સુનાવણી ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવી પરિવારને ઝડપથી ન્યાય અપાવવા પણ રજૂઆત કરવામાં આવી છે.સમાજના આગેવાનોએ જણાવ્યું હતું કે, નિર્દોષ બાળકીના મૃત્યુ અંગે કોઈપણ પ્રકારની બેદરકારી કે જવાબદારી હોય તો તેની નિષ્પક્ષ તપાસ થવી જોઈએ અને દોષિતોને કડક સજા મળવી જોઈએ. આવેદનમાં હોસ્ટેલ સંચાલકો ઉપરાંત તપાસમાં જવાબદારી સામે આવે તેવા તમામ સંબંધિત વ્યક્તિઓ સામે પણ યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

આ વેળા એન. એમ. કાતરિયા, ઘૂસાભાઈ કાતરિયા, જીગ્નેશ વાઘમસી, ટબાભાઈ નકુમ, જગદીશભાઈ બલદાણીયા, મગનભાઈ મકવાણા, શામજીભાઈ બલદાણીયા અને લખમણભાઈ વાઘ સહિતના આગેવાનો ઉપસ્થિત રહેલ.

### ''એક પેડ મા કે નામ'' અભિયાનને વેગ આપવા

## અમરેલી જિલ્લાનાં ૧૦૦ ખેડૂતોને વિનામૂલ્યે ૧૦ હજાર કેસર આંબાની કલમો અપાશે

### ખેડૂતોને દિલીપ સંઘાણીએ લાભ લેવા અનુરોધ કર્યો

અમરેલી, તા. ૪

દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સમગ્ર દેશમાં ચાલી રહેલા '' એક પેડ માં કે નામ'' અભિયાનને વધુ વેગ આપવા તેમજ પર્યાવરણ સંરક્ષણ સાથે ખેડૂતોની આવકમાં વધારો થાય તેવા હેતુથી કાઉન્સિલ ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (સીએઆરડી) દ્વારા અમરેલી જિલ્લામાં એક અનોખી અને પ્રેરણાદાયી પહેલ શરૂ કરવામાં આવી છે.

ઈફકોના ચેરમેન તથા સીએઆરડીના પ્રમુખ દિલીપભાઈ સંઘાણીના માર્ગદર્શન હેઠળ પ્રથમ તબક્કામાં અમરેલી જિલ્લાના ૧૦૦ ખેડૂતોને પ્રતિ ખેડૂત ૧૦૦ શ્રેષ્ઠ ગુણવત્તાની કેસર આંબાની કલમો વિનામૂલ્યે આપવામાં આવશે. આ રીતે કુલ ૧૦,૦૦૦ કેસર આંબાની કલમોનું વિતરણ કરવામાં આવશે.

આ યોજનાનો મુખ્ય હેતુ ખેડૂતોને બાગાયત આધારિત ખેતી તરફ પ્રોત્સાહિત કરવાનો છે, જેથી તેઓ ભવિષ્યમાં સ્થાયી અને વધારાની આવક



મેળવી શકે. આંબાના વૃક્ષોનું વાવેતર વધવાથી પર્યાવરણનું જતન, હરિયાળી ક્રાંતિનો વિકાસ, કાર્બન શોષણમાં વધારો અને ભાવિ પેઢી માટે સ્વચ્છ કુદરતી વારસાનું નિર્માણ થશે.

આ યોજના અમરેલી જિલ્લામાં પાયલોટ પ્રોજેકટ તરીકે અમલમાં મૂકવામાં આવશે. તેના સારા પરિણામોને ધ્યાનમાં રાખીને આગામી વર્ષોમાં સમગ્ર જિલ્લામાં તેનો વ્યાપ વધારવાનો સીએઆરડીનો સંકલ્પ છે.યોજનાનો લાભ લેવા ઈચ્છુક ખેડૂતોએ સાદા કાગળ પર અરજી, આધાર કાર્ડની નકલ તથા ૭/૧૨ અને ૮–અના ઉતારાની નકલ સાથે અરજી અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક, અમરેલી ખાતે જમા કરાવવાની રહેશે. અરજીઓ ' 'વહેલા તે પહેલા''ના ધોરણે સ્વીકારવામાં આવશે. પસંદગી પામેલા ખેડૂતોને નિયત નર્સરી અથવા સ્થળેથી કેસર આંબાની કલમો મેળવી પોતાના ખેતરમાં વાવેતર કરવાનું રહેશે.આ અંગે સીએઆરડીના પ્રમુખ દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યું હતું કે, ''વૃક્ષારોપણ માત્ર પર્યાવરણ બચાવવાનો કાર્યક્રમ નથી, પરંતુ ખેડૂતોની આર્થિક સમૃદ્ધિ સાથે જોડાય ત્યારે તેનું મહત્વ અનેકગણું વધી જાય છે. કેસર આંબાની કલમોનું વિનામૂલ્યે વિતરણ ખેડૂતોને બાગાયત ખેતી તરફ પ્રેરિત કરશે અને અમરેલી જિલ્લામાં હરિયાળી સાથે સમૃદ્ધિનું નવું મોડેલ ઉભું કરશે.'' ખેડૂતોને આ લાભ લેવા માટે કાર્ડના અમરેલી જિલ્લાના પ્રમુખ અશ્વિનભાઈ સાવલિયાએ અનુરોધ કર્યો છે.

### અમરેલી જિલ્લા બેન્કનાં ડાયરેક્ટરે

## ટીંબીની શ્રી નિર્દોષાનંદજી હોસ્પિટલને રૂપિયા ૧.૨૫ લાખની સહાય કરી

### સેવાકાર્યની સુવાસથી પ્રભાવિત થયા



ટીંબી, તા. ૪

સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીંબી (જી.ભાવનગર)માં અમરેલી સ્થિત અમરેલી જીલ્લા મ.સ. બેંક લી.નાં ડિરેકટર અને સેવાભાવી એવા સંગીતાબેન નલીનભાઈ જોષી તેમનાં કાકા નરેશભાઈ તથા કાડી શ્રીમતિ જયોત્સનાબેન સાથે હોસ્પિટલની શુભેચ્છા મુલાકાતે આવ્યા હતા. હોસ્પિટલમાં ચાલતા નિઃશુલ્ક આરોગ્યલક્ષી સેવાકાર્યમાં સહભાગી થવાનાં શુભાશયથી તેઓએ તેમનાં માતુશ્રી સ્વ. મંજુલાબેન નલિનભાઈ જોષીની સ્મૃતિમાં રૂા.૧,૨૫,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ પચ્ચીસ હજાર પુરાનું અનુદાન અર્પણ કરેલ છે. આ તકે તેઓનું ટ્રસ્ટી બી.એલ. રાજપરા, ટ્રસ્ટી પરેશભાઈ ડોડીયા અને ટ્રસ્ટી લવજીભાઈ નાકરાણી દ્વારા બ્ર.પ.પૂ. સદગુરૂદેવ લિખીત પુસ્તક 'જીજ્ઞાસુ પિયુષ' અને શાલ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવેલ. અગાઉ પણ આ દાતા સંગીતાબેનનાં માતુ સ્વ. મંજુલાબેન દ્વારા અનુદાન પ્રાપ્ત થયેલ છે. હોસ્પિટલ ટ્રસ્ટીમંડળે ઉદારદિલ દાતા સંગીતાબેન નલીનભાઈ જોષી તથા તેમનાં પરિવારજનોનો આભાર વ્યકત કરે છે.

### કોંગી અગ્રણીએ ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી

## સાવરકુંડલાનાં ૧.૫ કિ.મી. નો હાથસણી માર્ગ પાલિકાને હસ્તક કરવા માંગ

### તમામ સંસ્થામાં ભાજપનું શાસન હોય નિર્ણય કરો

સાવરકુંડલા, તા. ૪

સાવરકુંડલા શહેરના લાંબાગાળાના આયોજન બદ્ધ વિકાસ અને સ્થાનિકોની સુવિધા માટે સાવરકુંડલાના હાથસણી રોડનો ખોડીયાર ચોકથી પાણીના ટાંકા સુધીનો અંદાજે ૧.૫ કિમીનો માર્ગ નગરપાલિકાને સોંપવા માટે કાયદાકીય પ્રક્રિયા હાથ ધરવા શહેર કોંગ્રેસ પ્રભારી જીગ્નેશભાઈ ભરાડ દ્વારા ચીફ ઓફિસરને લેખિત રજૂઆત કરવામાં આવી છે.રજૂઆતમાં જણાવાયું છે કે, જિલ્લા પંચાયત અને નગરપાલિકા અને



સ્થાનિકો દ્વારા વારંવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં, આરોડ પર રહેતા લોકોની સુખાકારી માટે તંત્ર દ્વારા કોઈ યોગ્ય કાર્યવાહી કરવામાં આવતી નથી. બે વિભાગો વચ્ચેની વહીવટી ખેંચતાણમાં જનતા હેરાન થઈ રહી છે. હાલ આ માર્ગ જિલ્લા પંચાયત હસ્તક હોવાથી ત્યાં સીસી રોડ, ડિવાઈડર, સ્ટ્રીટ લાઈટ કે ફૂટપાથ જેવા વિકાસકામો કરવામાં પારાવાર વહીવટી મુશ્કેલીઓ નડે છે. જો આ રોડ પાલિકા હસ્તક લેવાય તો તેને ''મોડેલ રોડ'' તરીકે ઝડપથી વિકસાવી શકાય તેમ છે.

## દામનગર ખાતે યુથ અને મહિલા સહકારી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું

અમરેલી, તા.૪

અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને યુવા નેતા મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ તા. ૨૯/૦૬૨૦૨૬થી તા.૦૬/૦૭/૨૦૨૬ સુધી ચાલી રહેલ સહકાર સપ્તાહ અંતર્ગત દામનગર ગુરૂકુળ ખાતે અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા યુથ અને મહિલા સહકારી સેમીનારનું આયોજન કરવામાં આવેલ હતું.

અતિથિ વિશેષ તરીકે અમરેલી જિલ્લા સહકારી સંઘના એકિઝકયુટિવ ઓફિસર ભાર્ગવ ત્રિવેદી, ગુરૂકુળના પ્રતિનિધિઓ ઉપસ્થિત હાજર



રહ્યા હતા.જયારે અધ્યક્ષ સ્થાનેથી યુવા નેતા દ્વારા યુવાઓને યુથ કો–ઓપરેટીવમાં જોડાવા અનેમહિલાઓને કો–ઓપરેટિવમાં સહભાગી થવા માટે આહવાન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમરેલી જિલ્લા સહકારી સંઘના સી.ઈ.આઈ સાગર મહેતા દ્વારા ભારે જહમતી ઉઠાવી હતી.




## અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદનાં પ્રમુખ વિજય દેસાઈની માંગ

# અયોધ્યાનાં રામ મંદિરમાં દાનમાં થયેલ ગેરરીતિની તટસ્થ તપાસ કરો

રામ મંદિરમાં થયેલ કથિત ગેરરીતિ મામલે સમગ્ર દેશનાં હિન્દુ ધર્મનાં લોકોમાં આક્રોશ ઉભો થયો છે

કેટલીક ગંભીર ખામીઓ તેમજ પ્રક્રિયાગત અનિયમિતતાઓ સામે આવી હોય ગહન તપાસ જરૂરી

ભગવાન શ્રી રામ હિન્દુ ધર્મનાં આરાધ્યદેવ અને રાષ્ટ્ર ચેતનાનાં જીવંત પ્રતિક છે

કરોડો શ્રદ્ધાળુઓની લાગણી અને આસ્થાને ઠેસ પહોંચાડનાર ગંભીર ઘટના બની છે




અમરેલી, તા. ૪

તાજેતરમાં દેશના કરોડો હિંદુઓની આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર એવા અયોધ્યાના ભવ્ય શ્રીરામ મંદિરમાં દાન વ્યવસ્થાપનને લઈને સામે આવેલા કથિત ગેરરીતિના મામલે સમગ્ર દેશના હિંદૂ ધર્મના લોકોમાં વ્યાપક દુઃખ અને આક્રોશની લાગણી પ્રસરી છે. અહેવાલો અનુસાર, આ મામલે વિશેષ તપાસ ટીમ (સીટ) દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે અને દાન વ્યવસ્થાપનની પ્રક્રિયામાં કેટલીક ગંભીર ખામીઓ તેમજ પ્રક્રિયાગત અનિયમિતતાઓ સામે આવતાં તપાસ વધુ ગહન બનાવવામાં આવી છે. ભગવાન શ્રીરામ માત્ર આસ્થાના પ્રતિક નથી, પરંતુ ભારતીય સંસ્કૃતિ,

**અનુસંધાન પાના ૬ ઉપર**

### રૂપિયા ૭ હજાર વ્યાજે લીધા બાદ પરત ન થતાં

## અમરેલીનાં નાના માચીયાળા ગામનાં યુવકે નાણાની થતી ઉઘરાણીથી કંટાળી ઝેર પીતા સારવારમાં

અમરેલી, તા. ૪

અમરેલી તાલુકાના નાના માચીયાળા ગામે રહેતા ગૌતમભાઈ દેવશીભાઈ ચાચીયા નામના ૨૮ વર્ષીય યુવકના આજથી બે વર્ષ પહેલા લગ્ન હોય. ત્યારે તેઓએ અમરેલી તાલુકાના વિઠલપુર ખંભાળીયા ગામે રહેતા આરોપી લાલાભાઈ મકવાણા પાસેથી રૂપિયા ૭૦,૦૦ની રકમ માસિક ૫% લેખે વ્યાજે લીધેલ હતી. જેનું યુવક દર મહિને હપ્તે હપ્તે વ્યાજ આપતા હતા. પરંતુ યુવકની આર્થિક પરિસ્થિતિ સારી નહીં હોવાથી, આરોપીને રૂપિયા તથા વ્યાજ આપી શકેલ ન હતા.

ગત તા. ૨૮ના રોજ આરોપી આ યુવકને મળેલ ત્યારે યુવક પાસે તેઓના પૈસા તથા વ્યાજ માંગી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તથા યુવકની મોટર સાયકલ લઈ લીધેલ હતી અને આરોપીએ આ યુવકને કહેલ કે, મારા પૈસા આપી જા અને તારી ગાડી લઈ જા. જે વાતનું યુવકને લાગી આવતા યુવકે ગત તા. ૩ના રોજ સાંજે વાગ્યે પોતાના ઘર સામે બાકડા છે ત્યાં પોતે પોતાની મેળે જંતુનાશક ઝેરી દવા પી જતા તેમને સારવાર માટે દવાખાને ખસેડાયેલ હતા. જયાં યુવકે આરોપી સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

## સ્ટેટ મોનિટરીંગ સેલની બાતમીનાં આધારે કાર્યવાહી બાબરાનાં નોંધણવદર ખાતેથી દેશી દારૂ, આથો સહિતનો મુદ્દામાલ ઝડપાયો

**પોલીસે કુલ પાંચ આરોપીઓ વિરૂધ્ધ કાર્યવાહી શરૂ કરી**

અમરેલી, તા. ૪

સ્ટેટ મોનિટરીંગ સેલને મળેલ બાતમીના આધારે બાબરાના નોંધણવદર ગામે ગત તા. ૩ના સાંજે દરોડો પાડી બાબરા તાલુકાના

**અનુસંધાન પાના ૬ ઉપર**

રાજકોટમાં પ્લોટ જોઈએ છે
રાજકોટ આસપાસના ગામના સર્વે નંબરમાં કાલાવડ રોડ, વડવાજડી, વિરડાવાજડી, હરીપર, ઈશ્વરીયા, વાગુદળ, અમરેલી, મોટાવડા, દેવગામ, છાપરા તેમજ મોરબી રોડ, હડાળા, રતનપર, કાગદડી, ખોરાણા, જાળીયા, તેમજ કુવાડવા રોડ, નાગલપર, પિપડીયા ગામના સર્વેમાં વેચવા સંપર્ક કરો.
• કિર્તીભાઈ કંસારા •
Mo. 98251 60974 • 70467 10111

### ફરજ મોકુફ થયેલ સરપંચ અશોક માંગરોળીયાનો ચોંકાવનારો આક્ષેપ

## અમરેલીનાં જશવંતગઢ ગામે ૮ માસ પહેલા બનેલ માર્ગને તોડીને પૂનઃ બનાવવાની કામગીરીને લઈને વિવાદ

**કથિત રીતે થયેલ કૌભાંડની તટસ્થ તપાસ કરવાની માંગ કરી**



અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લાના જશવંતગઢ ગામમાં આઠ માસ પહેલા બનેલો આર.સી.સી. રોડ ફરી તોડીને નવો બનાવવાની કામગીરીને લઈને વિવાદ સર્જાયો છે.

આ મામલે ગામના ફરજ મોકુફ સરપંચ અશોકભાઈ

**અનુસંધાન પાના ૬ ઉપર**













*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)